**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦**
વિદેશમાં રૂા. **૨૫૦-૦૦** (વિમાનથી)

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધન-ભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના લોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ક્રિયાયોગ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| પૂ. મા સર્વેશ્વરીનો ૬૧ મો પ્રાગટ્યદિન | નારાયણ હ. જાની | ૧૪ |
| મા સમીપે | સતીશ કે. ભક્ત | ૨૩ |
| પ્રશ્નોપનિષદ્–(૩) | યોગેશ્વરજી | ૨૪ |
| નારાયણભાઇના જન્મદિનની ઉજવણીના પૂ. માના આશીર્વાદ | મા સર્વેશ્વરી | ૨૯ |
| પૂ. માના બોધપ્રદ લીલાપ્રસંગો–(૨) | મંજુલાબેન ભાવસાર | ૩૦ |
| ભગવાનનું ભક્તને ત્યાં પધારવું | તંત્રી | ૩૫ |
| સ્વર્ગારોહણ તીર્થમાં છઠ્ઠો સર્વરોગ નિદાનયજ્ઞ | ડો. બી. જે. જાગાણી | ૪૦ |
| મેડિકલ કેમ્પ–એક પ્રતિભાવ | પ્રો. તરલા દેસાઇ | ૪૯ |
| સુભાષિતો | – | ૫૬ |
| દીવાળીની ઉજવણી | ડો. બી. જે. જાગાણી | ૫૮ |
| એવું વરસો... | અનઘ | ૬૦ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## ❀ અભિનંદનીય સહાય ❀

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ ડીસેમ્બર-૨૦૦૩ અંક : ૩

# ક્રિયાયોગ

**પૂ. યોગેશ્વરજી**

ક્રિયાયોગ શબ્દપ્રયોગ હમણાં હમણાં છેલ્લાં કેટલાંક વરસો-માં વિશેષ પ્રચલિત થયો છે. કેટલાકને એના પરથી એવું પણ લાગે છે કે એ શબ્દ એકદમ આધુનિક છે અને અતીતકાળમાં નહોતો પ્રયોજાયો. કોઇ કોઇ વિચારકો, સાધકો અને સંતો કહે છે પણ ખરા કે ક્રિયાયોગની સાધનપદ્ધતિ તદ્દન નવી છે. એનો આંશિક અભ્યાસ મધ્યયુગમાં કબીર જેવા સંતપુરુષોએ કરેલો ને કરાવેલો, પરંતુ એનો જોઇએ તેટલો વ્યાપક પ્રચાર નથી થયો. મોટા ભાગના વિચારકો, વિદ્વાનો એમ માને છે કે આપણી સાધનપદ્ધતિ તદ્દન નવી અથવા આધુનિક છે. એવું કહેવાથી એ શ્રેષ્ઠ છે એવું કહી શકાય છે. પરંતુ ખરેખર એવું નથી. સાધનપદ્ધતિ નવી કે જૂની, વ્યાપક પ્રચારવાળી કે પરિમિત પ્રચારવાળી, ગમે તેવી હોવા છતાં સામાન્ય અથવા અસામાન્ય હોઇ શકે છે. મુખ્ય મુદ્દો ગુણવત્તાનો છે. યોગ કે

સાધનાની કોઈ પણ પ્રણાલિ, પછી તે પ્રાચીન અથવા અર્વાચીન હોય તોપણ ઉપકારક હોય તો તેનું સહર્ષ સાદર સ્વાગત કરાવું જોઈએ. શ્રેષ્ઠ કે કનિષ્ઠના વિવાદમાં ના પડવું જોઈએ એવો વિવાદ વ્યર્થ છે. જેને માટે જે પણ સાધનપદ્ધતિ ઉપયોગી હોય તેને તેની પસંદગી કરવા દઈએ એ જ બરાબર છે.

કેટલાક સાધકો પોતાની ધ્યાનપદ્ધતિને ભાવાતીત ધ્યાનના નામે ઓળખાવે છે અને જણાવે છે કે અમારી ધ્યાનપદ્ધતિ તદ્દન નવી છે, કોઈને એની કલ્પના પણ નથી આવી. ભગવાન કૃષ્ણ અને મહર્ષિ પતંજલિ જેવા મહાયોગીઓ પણ એનો વિચાર નથી કરી શક્યા. એને એ 'ટ્રાન્સેન્ડેન્ટલ મેડિટેશન' કહે છે. પોતાનો માલ ઘણો સારો ને ખરીદવા જેવો છે, એવું બતાવવા માટે બીજાની પાસે એવો માલ છે જ નહીં, અથવા બીજાને એવા માલની માહિતી જ નથી, એવું કહેવાનું અનિવાર્ય નથી. એવી રીતે પોતાની ધ્યાનપદ્ધતિ સર્વોત્તમ છે એવું સાબિત કરવા માટે પહેલાંના કોઈ યોગીને તેનું જ્ઞાન જ નહોતું, એવો પ્રચાર કરવાની આવશ્યકતા નથી હોતી. એવો મિથ્યા પ્રચાર સાધનાના સાચા હિતમાં નથી હોતો. પોતાના પૂર્વપુરુષોના સાધનાત્મક ઋણને સાભાર સ્વીકારીને પોતે એમની જ પરંપરામાં એમના પ્રતિનિધિ તરીકે પોતાની રીતે કાર્ય કરે છે એમ જણાવવું વધારે યોગ્ય લાગે છે. એમાં નમ્રતાનું દર્શન થાય છે.

ભારતવર્ષમાં ધ્યાનની જે પરંપરાગત પદ્ધતિ પ્રાગૈતિહાસિક કાળથી પ્રવર્તમાન છે તે પદ્ધતિનું હાર્દ શું છે? એ પદ્ધતિ આત્માની અંતરંગ અલૌકિક દુનિયામાં ડૂબકી મારીને આત્માનુભવ કરવાનો આદેશ આપે છે. એનો આશ્રય લઈને સાધક જ્યારે ધ્યાનમાં બેસે છે ત્યારે ધીમે ધીમે બહારના પદાર્થો તથા વિષયો-



માંથી મનને પાછું વાળે છે અને શરીરમાં કેન્દ્રિત કરે છે. એ પછી શરીરની સીમામાંથી ઉપર ઊઠીને મનમાં વૃત્તિને કેન્દ્રિત કરીને ઇન્દ્રિયોના ઇતર વ્યાપારોથી ઉપરામ બને છે. પછી પ્રાણની પ્રક્રિયાથી તથા બુદ્ધિથી પણ ઉપર ઊઠે છે, છેવટે અસ્મિતાની સૂક્ષ્મ વૃત્તિને પણ શાંત કરીને, એથી અતીત બનીને આત્મામાં સ્થિતિ કરે છે. એ વખતે વિચારાતીત તથા ભાવાતીત બને છે. સર્વે તર્કો, વિતર્કો, ભાવો, વિચારો, સંકલ્પો—વિકલ્પો અને અહંવૃત્તિ પરિપૂર્ણપણે શાંત થાય છે કે લય પામે છે. દેહાધ્યાસની નિવૃત્તિ થાય છે. એ અવસ્થાને ગીતાના છઠ્ઠા અધ્યાયમાં અતીન્દ્રિય અવસ્થા કહેવામાં આવી છે. એ અવસ્થામાં પ્રવેશવા માટે સૌનું અતિક્રમણ કરવાનું છે. એટલે ભાવાતીત ધ્યાન અથવા 'ટ્રાન્સેન્ડેન્ટલ મેડિટેશન'ની ધ્યાનપદ્ધતિ તદ્દન નવી છે અને ભગવાન કૃષ્ણ, મહર્ષિ પતંજલિ કે પ્રાચીન કાળના કોઈ પણ પરમ યોગીને નથી સૂઝી એવું માનવા—મનાવવામાં અજ્ઞાન જ રહેલું છે—ભારતીય સાધનાપરંપરાના પ્રાણવાન પ્રવાહનું અજ્ઞાન. એ ઉપરાંત એની પાછળ વ્યક્તિગત પ્રચારનો વધારે પડતો અનિયંત્રિત ઉત્સાહ અને અહંભાવ દેખાય છે.

ક્રિયાયોગના શબ્દપ્રયોગનું પણ એવું જ સમજવાનું છે. એ શબ્દપ્રયોગ કેટલાકને લાગે છે તેમ નવો નથી, યોગમાર્ગના પરમ પુરસ્કર્તા પૂર્ણયોગીપ્રવર મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શનના સાધનપાદના પ્રથમ સૂત્રમાં શબ્દપ્રયોગ કરતાં લખ્યું છે કે તપ, સ્વાધ્યાય તથા ઈશ્વરપ્રણિધાન ક્રિયાયોગ કહેવાય છે. એટલે કે બીજી ભાષામાં કહીએ તો તપની ગંગા, સ્વાધ્યાયની યમુના તથા ઈશ્વરપ્રણિધાનની સરસ્વતીનો ક્રિયાયોગમાં સમા-

વેશ થાય છે. ક્રિયાયોગ એવી રીતે એક સુંદર સારવાહી ત્રિવેણીસંગમ છે. મહર્ષિ પતંજલિ લખે છે :

**तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः।**

તપમાં યમ તથા નિયમો, વિવિધ વ્રતોનો, આસન, પ્રાણાયામ, ધારણા, ધ્યાન, સમાધિનો અને ઈન્દ્રિયોના ને મનના સંયમના અભ્યાસક્રમનો સમાવેશ કરી શકાય. એ દ્વારા તન, મન, વચનનો સંયમ અને એમની નિર્મળતા કે ઉદાત્તતા સહજ બને છે.

સ્વાધ્યાયને શાસ્ત્રોનું અધ્યયન, આત્મવિચાર, પરમાત્મ-વિચાર કહી શકાય. એટલે જ્ઞાન. આત્મજ્ઞાન.

(ક્રમશઃ)


આ દિવસો પણ ચાલ્યા જશે. —યોગેશ્વરજી

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩




# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૨૦—૧૦—૮૧ મંગળવાર, આસો વદ આઠમ, ૨૦૩૭, સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

આજે પંદર દિવસ પણ થઈ ગયા. જાણે ઘણો સમય થઈ ગયો અહીં આવ્યાને, એમ થયા કરે છે.

પૂ. શ્રી પોતાના ક્રમ મુજબ ૮૧ બેઠક ને ૪૦ દંડ ને ૧૫ મિનિટ શીર્ષાસન ને બીજી કસરતો કરી લે છે. ત્યારબાદ પૂ. શ્રી આરામ કરે છે. ગઈ રાતે મોડું થયું હતું. આજે સવારે પૂ. શ્રીએ ફરજીયાત આરામ કરવો પડે છે.

આજે ભોજનમાં દાળઢોકળી બનાવી છે. અત્યારસુધી મગભાત, ખીચડી શાક, ભાખરી—શાકના જ પ્રયોગો થયા હતા. આજે આ પ્રયોગ નવો હતો.

પ્રયોગ સફળ થયો એમ કહી પૂ. શ્રી આનંદપૂર્વક ભોજન લે છે. સર્વેશ્વરી આજે થોડીવાર પછી ભોજન લેવા બેસે છે.

ભોજન પૂરું થતાં પૂ. શ્રી આજે પોતાની થાળી લઈને રસોડામાં જાય છે. ત્યાં થાળી વાટકી સાફ કરી નાંખે છે. સર્વેશ્વરી ભોજન લેતાં લેતાં વિચારે છે કે આજે આટલી બધી વાર પૂ. શ્રીને હાથ ધોતાં કેમ લાગી? પણ ત્યાં તો પૂ. શ્રી બીજી એક ખાલી તપેલી લઈ જાય છે ત્યારે સર્વેશ્વરીને ખ્યાલ આવે છે કે પૂ. શ્રી તો આજે વાસણ સાફ કરે છે. સર્વેશ્વરી તરત જ ભોજન લેતાં લેતાં ઊભાં થાય છે. પૂ. શ્રીને વાસણ સાફ ન કરવાની વિનંતી કરે છે. વળી આ ઘરની નાની છોકરી

સ્મૃતિ પણ પૂ. શ્રીને વિનંતિ કરે છે ને કહે છે કે મને સાફ કરવા દો, પણ પૂ. શ્રી આજે પોતે જ વાસણ સાફ કરવા ઉત્સુક છે, જેથી કહે છે. ઝાઝા હાથ રળિયામણા. અરે, જુઓ તો ખરા કેવા વાસણો સાફ થાય છે!

સર્વેશ્વરી ફરીથી વાસણ સાફ કરવા પ્રયત્ન કરે છે તો પૂ. શ્રી કહે છે, "ગુરુ કહે તે કરો, ગુરુબાવની બોલવાનો શો અર્થ છે?"

પૂ. શ્રી પાસે કોઇ દલીલ ચાલતી નથી. બધાં જ વાસણો પૂ. શ્રી સાફ કરે છે. કેટલી બધી સરળતા ને કામ કરવાની કેવી સેવાભાવના પૂ. શ્રીમાં છે તે જોવા મળી.

વાસણની સફાઇ બાદ પૂ. શ્રી ઉપર આવી આરામ કરે છે. સર્વેશ્વરી ચાર વાગ્યા પછી યજમાન પરિવારના સાંજના ભોજન માટે દીકરી સ્મૃતિને થોડી મદદ કરાવે છે.

આજે પણ દરરોજની જેમ પ્રવચન માટે દૂર જવાનું છે. પોણો કલાકની મુસાફરી પછી પ્રવચન સ્થળે પહોંચ્યા. શ્રોતા-ઓની સંખ્યા સારી હતી.

પૂ. શ્રીએ શ્લોક બોલીને ભજન ગવડાવ્યું. પછી પ્રવચનની શરૂઆત કરતાં કહ્યું કેનેડામાં આવ્યા છીએ ત્યારથી ભગવદ્-ગીતાનું મિષ્ટાન્ન અમે પીરસીએ છીએ. તે મિષ્ટાન્ન બધાને અનુ-કૂળ છે કે કેમ તે ખબર નથી. જેથી આજે વિચારું છું કે તેમને મનગમતું ભોજન આજે પીરસીએ. તમારા મનગમતા પ્રશ્નો આજે તમે સૌ પૂછો, એમાંથી ચર્ચા થશે.

એ સાંભળી શ્રોતાઓને આનંદ થયો. પ્રવચનના આયોજકે તરત જ સંકોચવિના પ્રશ્નની શરૂઆત કરી પણ દીધી.

પ્રશ્ન : હિમાલયમાં સંત મહાત્માઓ રહે તેનું ખોરાકનું ધ્યાન ને તેના રક્ષણનું ધ્યાન કેવી રીતે રહે?



પૂ. શ્રી : હવે હું જ તમને પૂછું કે માતાના ઉદરમાં બાળકની રક્ષા કોણ કરે છે?

એ પ્રશ્ન પૂછી પૂ. શ્રીએ પરીક્ષિત રાજાની વાત કરી. શિવાજીના અહંકારની વાત કહી. સમર્થ રામદાસે શિવાજીને બતાવ્યું કે આ પથ્થરમાંથી નીકળેલા દેડકાનું ભરણપોષણ તું કરતો હતો? એક ભાઇ પોતે એવું માનતા કે મારાવિના ઘર ચાલે જ નહિ. તેની વાત કરી. હિમાલયની કઠિન તપશ્ચર્યા પોતે કરી હતી તેની પણ વાતો થઇ.

શ્રી ચીમનભાઇ : સાધકની સાધનાની સફળતાનો આધાર શાના પર હોય છે? સાધનામાં અંતરાયો શાથી આવે છે?

પૂ. શ્રી સફળતા માટે જેમ તમે અહીં ભારતથી આટલે દૂર આવ્યા ને પૈસા કમાવવા ડોલરીયાદેવની સફળતા મેળવવા દૃઢ નિર્ધાર કરીને ટાઢ, તાપ કશું પણ જોયાવિના નિયમિત કામપર જાઓ છો ને?

તેમ સાધકે સફળતા મેળવવા દૃઢ નિર્ધાર કરવો જરૂરી છે. વળી શ્રદ્ધા ને વિશ્વાસ પણ કેળવવાં જરૂરી છે.

અને સાધનામાં અંતરાય લાવનાર તો તમે પોતે જ છો. તમારું પોતાનું મન છે.

શ્રી અજીતભાઇ : ભક્તની જ પ્રાર્થના ભગવાન સાંભળે કે પછી કોઇ પણ સામાન્ય જીવ વ્યાકુળ થઇને પ્રાર્થે તે પણ સાંભળે?

પૂ. શ્રી : આકુળવ્યાકુળ થઇને જે પોકારે તે ભક્ત જ કહેવાય. ભક્તો ચાર પ્રકારના કહેવાયા છે.

આર્તભક્ત એટલે દુઃખી. પોતાના દુઃખ માટે ભજે જેમ કે દ્રોપદી.

જિજ્ઞાસુભક્ત એટલે કંઈક જાણવાની ઈચ્છાથી ભજે.

જ્ઞાનીભક્ત એટલે પ્રભુદર્શન માટે, તેને મળવા માટે જ ઝંખે.

અર્થાર્થી ભક્ત એટલે ધન કે બીજી ઈચ્છા કે કામનાથી ભજે.

શ્રી અજીતભાઈ : નાસ્તિક માણસ પોતે ડૂબતો હોય ત્યારે ભગવાનને પોકારે તો ભગવાન મદદ કરે ખરા?

પૂ. શ્રી : ભગવાન ધ્યાન તો રાખે જ. ભલે નાસ્તિક હોય, પણ એણે એટલું પણ ભગવાનનું નામ તો લીધું જ ને! અને જો તેને મૃત્યુનો જ યોગ હશે તો તે મૃત્યુ પામે. પણ સારી રીતે શાંતિથી મૃત્યુ પામે.

પ્રભુનું નામ કલ્યાણકારી જ છે. તે લેવાથી નુકશાન થતું જ નથી.

શ્રી ચીમનભાઈ : પરમ ભક્ત હોય તે ગુરુનો અવિશ્વાસ કરે? અને અવિશ્વાસ કરે તો તે શા માટે કરતો હશે?

પૂ. શ્રી : જે પરમભક્ત હોય તેને અવિશ્વાસ થાય જ નહીં. કાચો ભક્ત હોય તેને જ અવિશ્વાસ થાય. અથવા ગુરુ પણ કાચા હોય તો થાય. ઘણાં કારણો હોઈ શકે.

એક કારણ એ પણ ખરું કે આપણે ગુરુ કરવામાં ખૂબ ઉતાવળ કરીએ છીએ.

લગ્ન કરનાર લગ્ન કરતી વખતે કેટલી તપાસ કરીને લગ્ન કરે છે! તે રીતે કોઈને પણ ગુરુ માનવા હોય તો જોઈવિચારીને તપાસીને જ માનવા. ગુરુને દાઢી કે જટા છે, એટલું જ જાણીને શિષ્ય તરીકે વળગવું સારું થોડું છે? ગુરુવિના ઉદ્ધાર નથી એમ માનીને જેને તેને ગુરુ માનવામાં પણ ગુરુશિષ્યની ગાંઠ જલ્દી તૂટી જાય છે.



સાધકમાં સાચી સમજણ હોવી જરૂરી છે. સમજપૂર્વકનો વિવેક ને તેમાંથી જે શ્રદ્ધા આવે તે શ્રદ્ધા જીવને તારે છે.

ગુરુ શા માટે કર્યા છે? કોઈક વાસના કોઈક ઈચ્છાની પૂર્તિ માટે કર્યા હોય ને કર્મફળ પ્રમાણે તે ઈચ્છા કે વાસના પૂરી ન થાય તોપણ ગુરુમાં અશ્રદ્ધા આવી જશે. ગુરુ કંઈ આપણી ઈચ્છા-વાસના પૂરી કરનાર આપણા ઠેકેદાર કે કોન્ટ્રાક્ટર થોડા છે?

ગુરુ તો પ્રભુની કૃપા મેળવવામાં મદદરૂપ થાય પણ આપણી લૌકિક લાલસા કે વાસના માટે ગુરુ કરીએ ને પછી ગુરુમાં જ દોષ જોયા કરીએ, તો તમે છેવટે તે ગુરુને છોડી દેશો.

ગુરુસાથે આપણો પાટો ન બેસે તો ગુરુની નિંદા ન કરો. નમસ્કાર કરીને દૂર રહો.

શ્રી ચીમનભાઈ : હા, તમારી વાત પરથી એટલું સમજાયું કે ગુરુને ખરાબ ન માનવા ખરુને?

પૂ. શ્રી : ખરાબ આપણે જ છીએ એમ માનવાનું અરે, ચીમનભાઈ તમારો કોલર ગંદો છે તો તમે તેને કહો ભાઈ, એ કોલર ગંદો છે તે મને ગમે છે. મને એ ગંદા કોલરવિના ઊંઘ આવતી જ નથી. તો તમે શું કરશો?

કોઈ પણ દોષ કોઈનામાં તમને દેખાય તો તેને ચગાવવાની જરૂર નથી, પણ દોષ જુઓ તો તમારા જ દોષ જુઓ. અને એ રીતે જોવા માંડશો તો તમને તમારામાં જ ઘણી ખરાબી લાગશે.

વળી ગુરુ થવાની ઈચ્છા જ ના કરશો. આખી જિંદગી શિષ્ય જ રહો. લોકો તમને ખૂબ સારા, સત્સંગી કહેશે પણ તે બધી વાતો ધ્યાનમાં ન રાખો. લોકો શું કહેશે તે મહત્ત્વનું નથી. ભગવાનને સાક્ષી રાખીને જીવન જીવો.

કોઈને ગુરુ કરવા હોય તો તેમાં કોઈ બહારના તત્ત્વ-વિધાનની જરૂર નથી. જે કરવાનું છે તે ગુરુએ નહીં, તમારે જ કરવાનું છે.

એકલવ્ય જેવી શ્રદ્ધા રાખો. તો ગુરુ તરફથી તમને મદદ ને આશીર્વાદ મળ્યા જ કરશે.

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ લાંબો ચાલ્યો. સૌને ખૂબ આનંદ થયો. પ્રવચન કરતાં પણ થોડો વધુ સમય સત્સંગનો થયો.

સૌ વિદાય થયા. પૂ. શ્રી ઉતારા ઉપર ગાડીમાં બેસી આવી ગયા.

મમરા ને દૂધ લઈ આરામ કર્યો. (ક્રમશઃ)

સાધક માટે જીવનમાં નિરાશાને કોઈ સ્થાન નથી, દરેક પરિસ્થિતિ પ્રભુનિર્મિત છે એમ સમજી તેમાંથી પોતાનો માર્ગ શોધી કાઢે. — **યોગેશ્વરજી**

ફોન : ૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦
મોબાઈલ : ૯૮૨૫૧૩૭૩૫૫

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ. મા સર્વેશ્વરીનો ૬૧ મો પ્રાગટ્યદિન

**નારાયણ હ. જાની**

પૂ. માના ૬૧ મા જન્મદિનનો પ્રારંભ તા. ૧૩—૧૧—૨૦૦૩ ના રોજ સવારે થયો. પૂ. મા આ દિને અંબાજીના સ્વર્ગારોહણમાં વિરાજે છે. આજના આ દિવસની સાધકોને મન તો વિશેષતા છે, કારણ કે પૂ. માના સંનિધિ પર્વનો હવે ઉત્તરાર્ધ ચાલી રહ્યો છે. તેથી પૂ. માની આજ્ઞા લઈ અમદાવાદના સત્યપથથી સ્વર્ગારોહણની ૧૮૩ કિ. મી.ની પદયાત્રા ૪॥ દિવસમાં કરીને ૨૫ જેટલા યુવાન સાધકો સ્વર્ગારોહણ પધારી રહ્યા છે. યુવાનોનું આ સાહસ જ હતું. રોજના લગભગ ૪૦ કિ. મી. ચાલવું અશક્ય નહિ તો અઘરું જરૂર હતું. પરંતુ પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાથી તે સુખરૂપ પાર પડ્યું, તેનો પૂ. માને આનંદ છે.

આગલી રાતે નક્કી કર્યા પ્રમાણે આ પદયાત્રીઓને સત્કારવા માટે અહીં પધારેલ સાધક ભાઈબેનોમાંથી સો ઉપરાંત સાધકો તેઓને ૬ કિ. મી. સુધી સામે લેવા જાય છે. “ૐ યોગેશ્વરાય નમઃ અને ૐ નમો ભગવતે યોગેશ્વરાય”ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠે છે. પદયાત્રીઓને પૂ. મા શ્રી સર્વેશ્વરીના દર્શનની એટલી બધી ઉતાવળ જણાય છે કે તેઓએ તેમની આજની ૨૩ કિ. મી.ની સીધા ચઢાણવાળી યાત્રા જલ્દીથી પૂર્ણ કરવા—વહેલી સવારે ૨—૫૦ મિનિટે તેનો પ્રારંભ કર્યો અને ૯—૪૫ કલાકે તો સ્વર્ગારોહણના દ્વારે આવી ગયા! પૂ. મા તો તેમને સત્કારવા ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. તેમને

દૂરથી નિહાળીને પૂ. મા ખૂબ પ્રસન્ન બની ગયાં. પૂ. માનાં નયનો પદ્મોની જેમ ખીલી ઊઠ્યાં!

સ્વર્ગારોહણના દ્વારે અહીં પદયાત્રીઓને તિલક કરી શ્રી વિજયભાઇ પુરોહિત–પંડિતજી વેદોક્ત મંત્રથી તેમનું અભિ-વાદન કરે છે, તો સાધકો–ભાઇઓ અને બહેનો બે વિભાગમાં હારબંધ ઊભા રહી તેઓને મંત્રધૂનના જયઘોષથી સત્કારે છે, તેઓના સન્માનમાં સ્વર્ગારોહણમાં દરવાજાથી છેક કુટિયાસુધી રંગોળી પૂરવામાં આવી છે. તો હોલમાં કુટિયા આગળ પણ સરસ રંગોળીનો શણગાર કરવામાં આવ્યો છે. શ્રી વિનોદિની-બેનની દોરવણી નીચે આ સજાવટ કરવામાં આવી છે.

પૂ. મા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવા અને પદયાત્રીઓને વધાવવા મોટાઘંટને જોર જોરથી વગાડી રહ્યાં છે. સહુ યાત્રી-ઓના મુખ ઉપર ખુશી પથરાયેલી છે. તેઓને પગોમાં છાલા અને ફોડકા થયા છતાં હિમ્મત હાર્યાવિના તેઓ આ યાત્રા કરી શક્યા. તેનું આશ્ચર્ય અને આનંદ થાય છે. કારણ કે આમાંના મોટાભાગના યાત્રીઓ કદી આના વીસમા ભાગનું પણ પગે ચાલેલ નહિ હોય. તેઓ બધા આનો બધો યશ પૂ. માને ધરી રહ્યા છે. તેઓને લાગ્યું છે કે ભલે તેઓના પગ ચાલ્યા, પરંતુ તેઓ-માં શક્તિ તો પૂ. માએ જ પૂરી. આ અસંભવને સંભવ કરી બતાવ્યું છે. તેથી બધા પૂ. માના ચરણોમાં પ્રણામ કરી કુટિયા-ની પ્રદક્ષિણા કરે છે.

પૂ. મા તેઓને 'સત્યપથથી સ્વર્ગારોહણ'નો માર્ગ દર્શાવતું–પૂ. ગુરુદેવના સ્વરૂપોવાળું ચિત્ર તેમ જ પૂ. માના આશીર્વાદવાળું–પ્રસાદ સાથેનું પ્રમાણપત્ર પણ આપે છે. ત્રણેક સાધકો પોતાના પદયાત્રાના અનુભવો સંક્ષેપમાં વર્ણવે છે. આ



યાત્રીઓ છે. શ્રી સંજયભાઇ ભક્ત, ડો. હિમાંશુ પાઠક અને શ્રી અજય કલોલા.

**❋ પ્રમાણપત્ર ❋**

પ્રભુકૃપાથી રક્ષાયેલા પદયાત્રીઓ રોજ રોજ મનથી સંસારને છોડતા જાવ.

રોજ રોજ પ્રભુપ્રતિ પગલા ભરતા જાવ.

તમારી આ યાત્રા ઇતિહાસનું એક સોનેરી પૃષ્ઠ બની રહો.

તનમનથી સ્વસ્થ રહી, હે પ્રભુ, બાળકોને સફળ કરજો.

કાર્યક્રમની સમાપ્તિ પૂર્વે પૂ. મા આ બધા પદયાત્રીઓને ભૂમિસુધી નમી, પ્રણામ કરે છે. એ દૃશ્ય એવું લાગે છે કે જાણે ભગવાન ભક્તોના આવા પરાક્રમથી પરિતૃપ્ત થઇ તેમને નમી રહ્યા છે. જોનાર સાધકો પણ પૂ. માની આ નમ્રતા નિહાળી ભાવવિભોર બની જાય છે.

સ્નાન માટે યાત્રીઓને પૂ. મા નવા શરીર લૂછવાના રૂમાલ પોતાના સ્વહસ્તે ભેટ આપે છે, જાણે પૂ. મા તેમનો શારીરિક થાક દૂર કરવા સાથે, મનના મેલ પણ ધોવાઇ જાય એમ ઇચ્છે છે.

ત્રણ સાધકો તરફથી પૂ. માના જન્મદિનનિમિત્તે આજે સહુને મિષ્ટાન્ન ભોજન મળે છે.

દીપોત્સવી પર્વનિમિત્તે સ્વર્ગારોહણને ૮૦૦ કોડિયામાં દીવાઓ પેટાવી–પ્રકાશના પર્વ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

સાધકોને મન પૂ. માનો પ્રાકટ્યદિન જાણે દીપોત્સવી પર્વ કરતાં વિશેષ હોય તેમ—સમગ્ર સ્વર્ગારોહણને ૧૩૦૦ કોડિયા-ના દીવાઓથી અને પૂ. માના આવાસને રંગોળીથી શણ-ગારવામાં આવી રહ્યું છે. આ કાર્યમાં સમગ્ર સાધકગણ લાગી ગયો છે. બહેનો ખૂબ ઉત્સાહથી આ કાર્યમાં જાણે પોતાના જ ઘરનો કોઇ માંગલિક પ્રસંગ હોય એવા ભાવથી સરસ મજાનાં નવાં વસ્ત્રો પહેરી, જોડાઇ ગઇ છે.

આજે પૂ. ગુરુદેવની વિડિયો કેસેટમાં તેઓના સ્વરૂપનું દર્શન અને વાણી સાંભળી સાધકો આનંદ અનુભવે છે. આ ઉપરાંત, પૂ. માએ પદયાત્રીઓને તા. ૧૨ નવેમ્બરના રોજ સતલાસણાથી આંબાઘાટની કઠિન ચઢાઇ પાર કરવામાં ૧૮ કિ. મી. સાથે ચાલી સહાય પહોંચાડી તેની ફિલ્મ દર્શાવવામાં આવી. તે જોતાં લાગ્યું કે જો પૂ. મા સામેથી તેમને સહાય પહોંચાડવા દોડી નહિ ગયાં હોત તો, કદાચ પદયાત્રીઓ માટે રાતસુધીમાં તેમના મુકરર લક્ષ્યસુધી પહોંચવું મુશ્કેલ બની રહેત. પૂ. માની આ અણધારી સહાયે તેમના થાકેલા ગાત્રોમાં નવી શક્તિ પૂરી—તેનું જીવંત દર્શન આ કેસેટમાં જોવા મળ્યું. પૂ. મા ૧૮ કિ. મી. થોડીવાર પણ થોભ્યાવિના એકધારાં કેવી ઝડપી ચાલે ચાલ્યાં તે જોઇ પૂ. માની અલૌકિક શક્તિનો અહેસાસ જોનાર સહુએ અનુભવ્યો.

સંધ્યા થતાં જ સાધકો દીપ પ્રકટાવી—પૂ. માની આરતી ઉતારવા સૌ સૌના સ્થાને ગોઠવાઇ ગયા. પૂ. ગુરુદેવની બાવની-નું ગાન પૂરું થતાં—એક સાથે ૧૩૦૦ દીવાઓના પ્રકાશથી સ્વર્ગારોહણનું સારુંય પટાંગણ અને ઈમારતો જાણે તારાઓનાં તોરણથી શણગાર્યાં ના હોય તે રીતે ઝગમગી ઊઠ્યાં! અરે,



આ એક અદ્‌ભુત દૃશ્ય હતું, દરેક સાધકે પોતાના બંને હાથોમાં કોડિયાના દીવાઓ રાખી પૂ. માની આરતી ઉતારી, પૂ. માના પ્રાકટ્ય દિને પોતાના તરફથી પૂ. માના ચરણોમાં પ્રકાશની અંજલિ ધરી ધન્યતા અનુભવી. અભિવાદનની આ અનેરી રીતની સ્ફુરણા શ્રી વિનોદિનીબેન પટેલની હતી, જે સહુ સાધકોને ખૂબ ગમી. ત્યારે સ્વર્ગારોહણનું સારું પ્રકાશિત બદલાયેલું સ્વરૂપ જ ખૂબ શોભી ઊઠ્યું. પૂ. માના જન્મદિનની ઉજવણીની ખુશાલી-માં સ્વર્ગારોહણ પણ ભાગીદાર બની રહ્યું. એક સંતના રહે-ઠાણના કારણે એને આજે આવું વિરલ સૌભાગ્ય પ્રાપ્ત થયું. રાત્રિના આછા પ્રકાશમાં દીપમાળાઓની શોભા તો જોનારની આંખોવડે અંતરમાં ઉતરી જતી સૌ અનુભવતા. રસ્તેથી પસાર થતાં રાહદારીના પગ પણ આ દૃશ્ય જોવા થંભી જતા. તે જ રીતે આકાશના તારલાઓ પણ. શ્રી યોગેશ પંડ્યાએ યોગ્ય જ કહ્યું, પૂ. માનું આવું અભિવાદન જોઇ આકાશમાં રહેલ દેવો પણ પૃથ્વીપરનું આ કૌતુક જોઇ જરૂર આશ્ચર્ય પામ્યા હશે.

વિજળીના દીવાઓના સ્થાને કોડિયાને પૂ. માએ એ ભાવ-થી પસંદ કર્યા હતાં કે તેનાથી હાથકારી કરતી વ્યક્તિઓને રોજી મળતી હતી. પૂ. માનો આ માનવીય દૃષ્ટિકોણ સહુ માટે અનુકરણીય બની રહો.

રાત્રે પૂ. માના જન્મદિનનિમિત્તે પૂ. માના ભક્તોમાંથી સૂરીલા કંઠવાળી બેનો શ્રી દમયંતીબેન, શ્રી જયુબેન, મીરા તથા દીપુ, અમી વગેરેએ પૂ. માની જ રચેલી ભિન્ન ભિન્ન રાગો અને ઢાળોવાળી ૬૧ રચનાઓની પ્રથમપંક્તિઓ ગાઇને જાણે કે સ્વરમાધુરીથી મંડિત એક હાર પૂ. માના ગળામાં પહેરાવી દીધો! કેવો સરસ એમનો ભાવ! પૂ. મા પણ તેઓનો આવો ભાવ જોઇ પ્રસન્ન થયાં.

તે દિવસની ઉજવણીના છેલ્લા ભાગમાં ૨૫ પદયાત્રીઓ-માંના દરેકે પોતપોતાની યાત્રા દરમ્યાનની અનુભૂતિઓની વાતો કહી. તેમાં સર્વનો કોઇ મુખ્ય સૂર હોય તો તે હતો કે પૂ. માની દિવ્યશક્તિની સૂક્ષ્મ અનુભૂતિ હરેકને એક યા બીજા સ્વરૂપે થઇ. એટલું જ નહિ પરંતુ યાત્રાના શરૂઆતના આયો-જનથી માંડી અંતસુધી જે અણધારી સહાય ને મદદ મળતાં રહ્યાં—તે પ્રભુની ને પૂ. મા પર કૃપાવિના શક્ય ના હતાં. યાત્રાના પરિણામે સહુની પૂ. માની શ્રદ્ધા ખૂબ વધી કારણ કે શારીરિક ક્ષમતા ન ધરાવતા કેટલાય યાત્રીઓ અધવચ્ચેથી વ્રતભંગ કરી પાછા ના ફર્યા ને યાત્રાના પ્રારંભના સંકલ્પ પ્રમાણે પૂરી થઇ તે સહુ માટે મોટા આશ્ચર્યની વાત બની રહી. વળી કોઇને થાક ને પગને છાલા સિવાય બીજી કોઇ બીમારી પણ યાત્રા દરમ્યાન ના થઇ—એ પૂ. મા પ્રભુની કૃપાવિના શક્ય ના બન્યું હોત. આમ પૂ. માનો એકસઠમા વર્ષમાંનો મંગલ પ્રવેશ સાચે જ અનોખી રીતે ઉજવાયો. સહુ સાધકોએ પૂ. માના દીર્ઘાયુ માટે અંતરથી પ્રાર્થના કરી.

પૂ. માને પોતાને માટે આવી કોઇ ઉજવણીની આવશ્યકતા નહિ. જે આત્મસ્થ છે તેને માટે આનંદપ્રાપ્તિ માટે કોઇ પણ પ્રકારની બાહ્યપ્રવૃત્તિની જરૂરત રહેતી નથી. તેઓ આ બધી પ્રવૃત્તિ સાધકોના હિત માટે થવા દેતાં હોય છે. સાધકોનો ભાવ ને શ્રદ્ધા વધે એ જ એમનો હેતુ હોય છે.

પૂ. માના ૬૧ મા વર્ષનિમિત્તે તેઓનાં વડીલ બહેન શ્રી શારદાબેને દરેક બ્રાહ્મણ ભાઇ કે બહેનને રૂા. ૧૦૦/—ની દક્ષિણા આપી, બ્રાહ્મણોને જાણે પરિતૃપ્ત કર્યા, તેમના અંતરના આશિષ પૂ. માને પ્રાપ્ત થાઓ એવી તેઓની ભાવના રહી.



પરિવારનાં સભ્યો પણ કેવાં ઉદાર ને પૂ. મા માટે કેવો આદર-યુક્ત પૂજ્યભાવ!

પ્રભુ કે સંતની પ્રસન્નતા માટે ઊઠાવેલું કોઇ પણ કષ્ટ—તપ બની જાય. પછી ભલે તે ઉપવાસનું હોય, કે પગે ચાલવાનું. એ રીતે મૂલવતાં લાગે કે પૂ. માએ પ્રથમ પસંદ કરેલ ૧૫ પદયાત્રીઓમાં—ઉત્તરોત્તર વધારો થતો ગયો. જેમ જેમ આ પદયાત્રાની વાત સાધકોમાં ફેલાતી ગઇ તેમ યુવાન સાધકો તેમાં જોડાવા આગળ આવવા લાગ્યા અને પૂ. માને વિનતિ કરવા લાગ્યા. પંદરથી શરૂ કરેલી સંખ્યા ૨૩ સુધી પહોંચી અને બે સાધકો વીસનગરથી જોડાતાં, સંખ્યા ૨૫ પર પહોંચી.

**સદ્‌ભાગી પદયાત્રીઓ**

| **નામ** | **ઉમ્મર** | **ધંધાકીય પરિચય** |
|---|---|---|
| રાજેન્દ્ર જાની | ૫૪ | બેંક ઓફિસર (આયોજક) |
| વિજય કનેરિયા | ૪૧ | ઉદ્યોગપતિ (આયોજક) |
| અજય કલોલા | ૪૪ | એન્જિનીયર—સરકારી નોકરી |
| પ્રભુભાઇ હળવદિયા | ૫૧ | એન્જિનીયર—સરકારી નોકરી |
| વિનોદભાઇ પટેલ | ૫૨ | સર્વેયર—સરકારી નોકરી |
| રાજીવ જાની | ૩૮ | વેપારી |
| ડો. હિમાંશુ પાઠક | ૪૧ | સ્ટ્રેસ મેનેજમેન્ટ અને યોગપ્રશિક્ષણ |
| સંજય ભક્ત | ૪૩ | વેપારી—અમેરિકા |
| ભરતભાઇ | ૪૮ | મોટેલ માલિક—અમેરિકા |
| દીપકભાઇ મહેતા | ૩૯ | ફોટોગ્રાફર—વિડિયોગ્રાફર |
| હેમલ મહેતા | ૨૯ | ફોટોગ્રાફર—વિડિયોગ્રાફર |
| તારક વ્યાસ | ૩૧ | એન્જિનીયર—કોન્ટ્રેક્ટર |
| સ્નેહલ પુરોહિત | ૨૮ | ધાર્મિક કર્મકાંડ |

| | | |
|---|---|---|
| નિલેશ ટેલર | ૩૭ | ટેકનિશિયન રેફ્રિજરેટર અને એર-કન્ડિશન મશીન |
| નિલેશ કણઝારિયા | ૨૫ | ઈલેક્ટ્રિક વાયરમેન |
| દિવ્યેશ લેખડિયા | ૨૫ | વિદ્યાર્થી—ટેક્ષટાઈલના ધંધામાં |
| આશિષ ગોહિલ | ૩૫ | પ્રોફેસર—એન્જિનીયરીંગ કોલેજ |
| આશિષ જોષી | ૩૨ | શિક્ષક—કોમ્પ્યુટર |
| અશ્વિન કાકા | ૩૧ | ફૂડ લેબોરેટરી—સર્વિસ |
| અર્પણ ભક્ત | ૨૨ | વિદ્યાર્થી—અભ્યાસ પૂરો |
| તેજસ વીરપરિયા | ૨૧ | વિદ્યાર્થી એમ.બી.એ. (ચાલુ) |
| ધવલ દવે | ૨૧ | વિસનગરથી વિદ્યાર્થી (વચ્ચેથી જોડાયા) |
| અશોક જોષી | ૩૬ | વિસનગરથી હીરાના ધંધામાં (વચ્ચેથી જોડાયા) |
| રમેશ ઠાકોર | ૨૧ | સેવક (સ્વર્ગારોહણ) |
| કૌશિક પંડ્યા | ૨૭ | વિદ્યાર્થી—અભ્યાસ પૂરો. |

કુલ ૧૮૩ કિ. મી.નું અંતર—સત્યપથ (અમદાવાદથી) સ્વર્ગારોહણ (અંબાજી) સુધીનું માત્ર સાડાચાર દિનમાં કાપવાનું હતું તેમાં ૩૦ કિ. મી. જેટલો રસ્તો તો કપરા ચઢાણવાળો. એટલે રોજ ૪૦ કિ. મી. તો ચાલવું જ પડે, જે આમાંના મોટાભાગનાઓ માટે અશક્ય જ હતું. પૂ. માની કૃપાસિવાય માનો છો કે તે શું સંભવિત હતું? સ્થૂલ સ્વરૂપે નહિ દેખાતી પૂ. માની સૂક્ષ્મ શક્તિ જ તે કામ કરી ગઇ અને પૂ. માએ એનો બધો યશ ગુરુદેવ પ્રભુને ચરણે ધરી, કર્તૃત્વના કોઇ પણ અહં-થી મુક્ત થઇ ગયાં. પૂ. મા આપની આવી અલિપ્તતાનું અમને દાન કરો જેથી અમે સંસારમાં ખરડાઇએ નહિ. ◎



# મા સમીપે

**સતીશ કે. ભક્ત, અમેરિકા.**

પરમ પૂજ્ય પરમ વાત્સલ્યમૂર્તિ મા સર્વેશ્વરીના દર્શનાર્થે એરીઝોનાથી કેલીફોર્નિયા—લોસ એન્જલસ શ્રી ભગવાનજી-ભાઈ—કંચનબેનને ત્યાં જવાનો હતો. બે ત્રણ દિવસ અગાઉથી જ એક પ્રકારનો ઉત્સાહ, રોમાંચ અનુભવતો હતો. એક સ્વજને પૂછ્યું—આ મા પાસે તમે કેમ જવાના? મા પાસે શું મળે? તમે ચારપાંચ દિવસ ત્યાં રહેવાના. દર્શન કરવાના. આટલું બધું રોકાવાના? શા માટે? આ સંદર્ભમાં મન—હૃદયે જે વિચાર્યું—વલોણું થયું એનું જ આ નવનીત—એટલે ''મા સમીપે.''

મળે સંતોષ નિપજીત સુખાનંદ તૃપ્તિ,
મળે શીતળ શાંતિ તણી પરમાનંદ અનુભૂતિ!
શરીરના અણુપરમાણુ આહ્લાદકતા અનુભવે,
મન હૃદય પ્રફુલ્લિત ઉલ્લાસ હિલોળે;
આ હિલોળા હેલીએ હૈયુ મહેંકે.
બાળસમ બની જવાય.
આનંદ ઉભરો ઠલવાય.
જાણે પૂર વારિ
લોકમાતા તણા સાગરે ઠલવાય!
મા!
તારી લાગણી, ભાવના, પ્રેમ સંભાળ
અમારા પ્રતિ;
જાણે પ્રશાંત મહાસાગરના ગહન ઊંડાણ.
પ્રતીક્ષા ઉરે
એક અનંત ડૂબકીની.

અખિલ બ્રહ્માંડના સ્વામી
પરમ પિતાની
પરમતા માણવાનું—પામવાનું,
સચ્ચિદાનંદ વિહારનું
એ મહાસુખ ક્યાં?
મા સમીપે!!

જીવનમાં જે કાંઇ મળે છે, તે પ્રભુકૃપાના ફળ અને પ્રારબ્ધ અનુસાર મળે છે. એટલે સાચો સાધક સમાધાનપૂર્વક જીવે છે. તેને કદી કોઇ ફરિયાદ હોતી નથી. — યોગેશ્વરજી

ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭
: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**
**''સત્યવાન'' તથા ''ચંદન''**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨



# પ્રશ્નોપનિષદ્–(૩)

**યોગેશ્વરજી**

### (૩) પહેલો પ્રશ્ન—પ્રજાની ઉત્પત્તિ વિશે

સૌથી પહેલા જિજ્ઞાસુ કાત્યાયન કબંધીએ ઋષિ પાસે આવીને પૂછ્યું : 'પ્રભુ, આ બધી પ્રજાની ઉત્પત્તિ ક્યાંથી થાય છે?'

ઋષિને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો તેના બે ભાવ લઇ શકાય છે : એક તો એ કે પ્રજાની ઉત્પત્તિ કેવી રીતે થાય છે ને બીજું, પ્રજાની ઉત્પત્તિ કોનામાંથી કે કોનીદ્વારા થાય છે. ઋષિ તેનો ઉત્તર આપતાં કહે છે : 'પ્રજાપતિ—બ્રહ્માને—પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ, તેમણે તપ કર્યું. તપદ્વારા તેમણે એક જોડકું ઉત્પન્ન કર્યું : રયિ ને પ્રાણ. તે જ સૂર્ય ને ચંદ્ર છે. પછી તેમણે વિચાર્યું કે તે બે તેમને માટે અનેક પ્રકારની પ્રજાની ઉત્પત્તિ કરશે. એ સૂર્ય જ બધે પ્રાણ અથવા જીવનનો સંચાર કરે છે. તેનાં કિરણો બધી દિશામાં પ્રવેશ કરીને સૌને પ્રકાશિત કરે છે ને પ્રાણ ધરે છે. તે સૂર્ય સર્વરૂપ, કિરણોવાળો, સર્વ લોકોને જાણનાર, અંતિમ ધ્યેયરૂપ ને એક માત્ર પ્રકાશરૂપ છે. તે પ્રજાના પ્રાણરૂપ છે. તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા ને વિદ્યાથી આત્માને મેળવવા માગનારા સાધકો ઉત્તરમાર્ગદ્વારા સૂર્યલોકમાં જાય છે. એ જ પ્રાણોનું મૂળ સ્થાન છે, અમૃત છે, પરમપદ ને નિર્ભય સ્થાન પણ તે જ છે. તે માર્ગે જનારા ત્યાંથી પાછા નથી આવતા. પરંતુ જે દક્ષિણાયનદ્વારા ચંદ્રલોકમાં જાય છે તે અહીં પુનર્જન્મ લઈને પાછા આવે છે.'

ઉત્તરાયણ ને દક્ષિણાયનની જે ભાવના આપણને ગીતામાં

જોવા મળે છે તે આ ઉપનિષદ્‌માં પણ આ રીતે સમાયેલી છે તે ખાસ નોંધપાત્ર છે. ઋષિ કહે છે કે કેટલાક ઋષિઓ એ સૂર્યને પાંચ પગવાળા, વરસાદ વરસાવતા, બાર આકૃતિવાળા, ઉપલા અર્ધા ભાગમાં રહેલા પ્રજાના પિતા તરીકે વર્ણવે છે. બીજા કેટલાક ઋષિ તેને સાત ચક્ર ને છ આરાવાળા રથમાં બેઠેલા ને બધી તરફ જોતા દેવ તરીકે વર્ણવે છે.

આની સમજ વિચારકોએ પોતપોતાની શક્તિ પ્રમાણે પૂરી પાડી છે. તે રીતે સમજવાથી ઉપર્યુક્ત કથનનો સાર સમજી શકાય છે. તે સમજ આ પ્રમાણે છેઃ—

૧. સૂર્યના પાંચ પગ એટલે પાંચ ઋતુ : ૭૨—૭૨ દિવસ-ની એક ઋતુ એવી રીતે વરસની પાંચ ઋતુ : હેમંત ને શિશિર-ને એક જ ઋતુ સમજવાની.

૨. સૂર્યની બાર આકૃતિ : દરેક મહિનામાં સૂર્યની જુદી જુદી આકૃતિ થાય છે એમ કહેવાય છે તે. તેને બાર આદિત્ય પણ કહે છે. તે અનુક્રમે ચૈત્ર મહિનાથી શરૂ કરીને ગણતાં ધાતા, અર્યમા, મિત્ર, વરુણ, ઇન્દ્ર, વિવસ્વાન, ત્વષ્ટા, વિષ્ણુ, અંશુ, ભગ, પૂષા ને પર્જન્ય છે.

૩. સૂર્યનો સાત ચક્રવાળો રથ : ગાયત્રી, ત્રિષ્ટુપ, ઉષ્ણિક, અનુષ્ટુપ, બહતી, પંક્તિ ને જગતીરૂપ સાત વૈદિક છંદોરૂપી સાત ચક્રો : તેથી ચાલતો રથ. તેમ જ,

૪. રથના છ આરા તે છ ઋતુઓ—વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત ને શિશિર.

ઋષિઓ કહે છે કે : 'પરમાત્માને પ્રાપ્ત કરવા માટે માણસે તપ કરવાની, કપટ, જૂઠ ને શઠતાથી મુક્ત થવાની ને બ્રહ્મ-ચર્યનું પાલન કરવાની જરૂર છે. તેની સાથે સાથે તે એક બીજી



નોંધપાત્ર ને ધ્યાન ખેંચે તેવી વાત પણ કહી દે છે. તે કહે છે કે દિવસના ભાગમાં જે સ્ત્રીસંબંધ કરે છે તે પ્રાણનું સ્ખલન કરે છે. રાતના ભાગમાં સ્ત્રીસંબંધ કરનાર બ્રહ્મચર્ય જ પાળે છે.'

તેનો અર્થ એવો નથી કે રાતે રોજ રોજ સ્ત્રીસંબંધ કરવાની ઋષિ છૂટ આપે છે. માણસ દિવસનો ત્યાગ કરી રાતે શરીર-સંબંધ કરે ને ધીરે ધીરે રાતના ક્રમને પણ ઓછો કરી પૂર્ણ સંયમ તરફ ને પ્રભુમય પ્રેમ તરફ વળે એ ધ્યેય આપણે ત્યાં બતાવવામાં આવેલું છે જ, ને માણસે તે તરફ આગળ વધવાનો પ્રયાસ કરવાનો રહે છે. એટલે શરીર સંબંધની આ સૂચના કામચલાઉ ને અધિકારભેદ પૂરતી જ સમજવાની છે. તેને જીવનના આખરી ધ્યેયરૂપ નથી માનવાની.

બીજી મહત્ત્વની વાત એ છે કે સ્ત્રી ને પુરુષનો પ્રેમ અથવા દાંપત્યજીવન આત્મોન્નતિ કે ઈશ્વરદર્શનમાં બાધારૂપ છે એવી માન્યતા કેટલાક લોકોમાં પ્રચલિત છે તે પાયાવિનાની ને સત્ય-થી વેગળી છે એમ કહ્યાવિના ચાલે તેમ નથી. કોઈને માટે તેવો પ્રેમ ને તેવું જીવન નડતરરૂપ થયું હોય તેનો અર્થ એવો નથી કે સૌને માટે તે નડતરરૂપ જ થાય છે ને થશે. કેટલેક ઠેકાણે સ્ત્રી ને શરીરની વધારે પડતી ઘૃણા કરવામાં આવી છે ને નરકની સાથે સરખામણી પણ થઈ છે; તેથી માણસની મમતા ને આસક્તિ ઓછી થતી હોય તો તો સારું, પરંતુ તેને પરિણામે તે તે વસ્તુને તિરસ્કારવાની ને તેનામાં જે ઉચ્ચતા ને ઉપકારકતા છે તેની ઉપેક્ષા કરવાની વૃત્તિ પેદા થાય તો તેથી લાભને બદલે હાનિ જ વધારે છે. સ્ત્રીપુરુષનો પારસ્પરિક પ્રેમ ને દાંપત્ય-જીવન જીવનને અનેક રીતે મદદરૂપ છે; તેનું સ્વરૂપ વિવેકી, નિર્મળ ને સંયમની સુવાસવાળું બનાવી શકાય તો પ્રભુના

સાક્ષાત્કારમાં તે જરાય નડતરરૂપ નથી, બલકે મદદરૂપ જ થઇ પડે છે. આપણા લગ્નજીવનને ને પ્રેમસંબંધને વધારે ને વધારે ભાવનામય ને નિર્મળ કરવાની જરૂર છે, એટલું જ. એટલે બ્રહ્મચર્ય કે પવિત્રતાને નામે સંસારની આ સહજતા ને વિશેષતા-ને વગોવવાની જરૂર નથી; ફક્ત તેનો સદુપયોગ કરતાં શીખવાની જરૂર છે. તેથી જ ભારતીય સંસ્કૃતિમાં લગ્ન, પ્રેમ ને ગૃહજીવનને વખાણવામાં આવ્યાં છે; ગૃહસ્થાશ્રમનાં ગુણ-ગાન ગાયાં છે. વૈદિક ઋષિઓ મોટે ભાગે પરણેલા જ હતા. છતાં તે વિવેકી હોવાથી સાધનામાં પ્રવીણ પણ હતા. કૃષ્ણ, રામ, શંકર જેવાં ઈશ્વરી રૂપોને પણ રાધા, સીતા ને પાર્વતીની સાથે જ પૂજવામાં આવે છે. તેમનાં મંદિર પણ થાય છે. કૃષ્ણે રાધાના કંઠની આસપાસ હાથ વીંટ્યો હોય તેવી મૂર્તિ પણ મંદિરોમાં ઘણી છે, તે પૂજાય છે. રામના ખોળામાં સીતા ને શંકરના ખોળામાં પાર્વતી બેઠાં છે તેવાં વર્ણન ધર્મગ્રંથોમાં વારંવાર આવે છે ને તેની કોઇને ઘૃણા નથી થતી. પરંતુ જીવનમાં ધર્મ, વૈરાગ્ય ને સાધનાને નામે આપણે વારંવાર પ્રેમની પવિત્ર ભાવનાનો તિરસ્કાર ને સ્નેહના શુદ્ધ સમજયુક્ત સંબંધોની નિંદા કરીએ છીએ. એ આપણું અજ્ઞાન જ છે. માનવના સહજ સ્વભાવની ને સ્નેહથી જ ઊછરતી ને સ્નેહમાં જ વિહરતી સૃષ્ટિના ક્રમની તે વિરુદ્ધ છે. અધકચરી દશામાં પોતાની રક્ષા કે સલામતી ખાતર કોઇ તેથી દૂર રહે અથવા બીજા સારા વાતાવરણ ને જીવનની પ્રાપ્તિ માટે અને ખાસ જરૂર તરીકે કોઇ સ્ત્રી કે પુરુષ ગૃહજીવનનો કે સ્નેહના બાહ્ય સંબંધનો ત્યાગ કરે તે સમજી શકાય તેમ છે. પરંતુ બધાને માટે તેવો ત્યાગ તદ્દન જરૂરી છે એવો દુરાગ્રહ નકામો છે. સંસારનાં



મોટા ભાગનાં સ્ત્રીપુરુષો એ માર્ગે નહિ વળી શકે. એટલે દૃષ્ટિ, વૃત્તિ ને સંબંધને વધારે ને વધારે સુધારવા તરફ જ ધ્યાન દોરવાની જરૂર છે.

લગ્નજીવન ખોટું નથી. સ્ત્રીપુરુષનો પ્રેમ ને સંબંધ પણ ખોટો નથી. તેને માયા માનીને ધિક્કારવાની જરૂર નથી. તેને વિશુદ્ધ કરવાની ને પ્રભુમય બનાવી પ્રગતિમાં મદદરૂપ કરવા-ની જરૂર છે. ભારતના ઋષિઓની દૃષ્ટિ એવી ઉત્તમ ને આદર્શ હતી. તેથી તો મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે સત્યવતી સાથે સ્નેહસંબંધ કરીને પણ મહર્ષિ રહી શક્યા. ને વ્યાસ 'વણપર-ણેલીના' હોવા છતાં પૂજ્ય જ નહિ પરંતુ ચોવીસ અવતાર-માંના એક થઇ શક્યા. વિશ્વામિત્રે મેનકા સાથે સંબંધ કર્યો છતાં તે તપના પ્રભાવથી બ્રહ્મર્ષિ થયા ને સપ્તર્ષિમાંના એક તરીકે મનાયા. કોઇએ તેમની નિરર્થક ટીકા કે નિંદા ન કરી. તેમના ગુણ ને તેમની યોગ્યતા, તેમનું તપ ને જ્ઞાન જોઇને તેમને મોટા ને નાના સૌએ વંદનીય માન્યા. માણસોનાં મન કેટલાં મોટાં હશે ને તેમના દૃષ્ટિકોણ કેટલા વિશાળ તેનો વિચાર કરી શકાય તો કરી જોજો. કેમ કે આજે તો દૃષ્ટિ ને વૃત્તિ બંને ટૂંકી થઇ ગઇ છે.

એટલે વિવેક, સંયમ ને પ્રભુપરાયણતાની રક્ષા જ જીવનમાં મહત્ત્વની છે. બધે સ્થળે ને બધા વાતાવરણમાં તેને સાચવવાની કળામાં માણસે કુશળ થવાની જરૂર છે. એમાંથી આપોઆપ અનાસક્તિ આવી જશે. તે સધાય તો જીવન ધન્ય થાય, સફળ બની જાય.

◎

નારાયણભાઇના જન્મદિનની ઉજવણીના

# પૂ. માના આશીર્વાદ

મા સર્વેશ્વરી

મા : આ કેમ્પમાં ડોક્ટરોનું સન્માન તો પૂ. માએ કર્યું જ પણ સાથે સાથે શ્રી નારાયણકાકાનું પણ સન્માન કર્યું. પૂ. મા રમૂજભરી શૈલીમાં જણાવતાં કહે છે કે–

મા : "ગઇકાલે આપણે નાનકડા ૮૫ વર્ષના બાળકનો જન્મદિવસ ઉજવ્યો. તે પણ ઊભા થાય."

● એ નાનકડા બાળક માટે પનામાથી શ્રી વસંતભાઇ એક નાનકડું રમકડું રમવા માટે લાવ્યા છે, તે આ નાનકડો બાળક સ્વીકારે. શ્રી વસંતભાઇ પાસેથી (કાંડા ઘડિયાળ).

● અમે ગઇકાલે આ બાળકને આશ્વાસન આપેલું કે કાલે અમે તમને એક થેલી આપીશું.

● એ થેલીમાં સૌ ભક્તનો ૮૫ લાખ ગણો પ્રેમ અને સન્માન ભરીને અમે સૌ વતી એ બાળકને અર્પણ કરીએ છીએ.

● આવા અનન્ય નિષ્ઠાવાન સેવક આપણા સૌનું ગૌરવ છે.

● એમને રૂપિયાની જરૂર નથી.

● પ્રેમ ને હૂંફની જરૂર છે.

● આપણે સૌ એમના લાંબુ આરોગ્ય અને જીવન માટે પ્રાર્થના કરીશું.

● એક નાની થેલી–નાનો બાળક છે, માટે અર્પણ કરી છે.

[એક નાની થેલી પૂ. મા પોતાના વરદહસ્તે નારાયણકાકાને આપે છે. તે પછી એક મોટી થેલી પણ.] ○



# પૂ. માના બોધપ્રદ લીલાપ્રસંગો–(૨)

મંજુલાબેન ભાવસાર

અંબાજી–૨૦૦૨

નિશા પૂ. માની પ્રેરણાથી પરદેશથી ભારત સંગીત શીખવા માટે આવી છે. નિશા ૩ થી ૪ મહિના મુંબઇ રહી સંગીત શીખી. ચાર દિવસ માટે તે સ્વર્ગારોહણ પૂ. મા પાસે આવે છે ને બધા સાથે ભળી ગઇ છે. સ્વર્ગારોહણના શ્રમયજ્ઞમાં પણ ભાગ લીધો. નવી રૂમો બંધાતી હતી તેના કારણે સ્વર્ગારોહણમાં થોડીક અગવડ હતી પરંતુ તે પરિસ્થિતિમાં પણ તે સહજ રીતે ગોઠવાઇ ગઇ. આજે ફરીથી તે પોતાના વતન જવા વિદાય થાય છે.

પૂ. મા નિશાના સદ્‌ગુણોની વાતો કરે છે. ખૂબ નરમ છે. અહીં આવી તેને ચાલશે–ફાવશે–ગમશે મંત્ર અપનાવી લીધો તેથી પૂ. માને તેની ચિંતા ન હતી. પૂ. મા મધુભાઇના પરિવારને જ્યાં નિશા રહી હતી તેને અંજલિ ધરી કે સૌએ તેને પ્રેમથી રાખી, બિજલે તેને કંપની આપી ખીલવી.

પૂ. મા નિશાને મા–પ્રભુનું સ્વરૂપ, ફૂલનું બકેટ અને હાર આપે છે. પરદેશથી બીજા દસ બાળકોને ભારત લઇ આવવાનું કહે છે.

મંત્રગાન સાથે ભક્તો નિશાને દરવાજા સુધી વિદાય આપવા જાય છે. પૂ. મા પણ ભક્તો સાથે વિદાય આપવા જાય છે. વિદાય વખતે નિશાની આંખમાં આંસુ છે. ઢીલી થઇ ગઇ છે. દમયંતીબહેન 'બાય' કહી તેને હસાવવા પ્રયત્ન કરે છે. પૂ. મા દમયંતીબહેનને નિશા સાથે બસસ્ટેન્ડ સુધી જવાનું કહે છે.

ખૂબ ભાવ અને પ્રેમથી પૂ. માએ નિશાને વિદાય આપી.

• • •

**અંબાજી—૨૦૦૨**

વાવાઝોડા સાથે પવન ફૂંકાય છે. વરસાદ આવવાની તૈયારી લાગે છે. નાના નાના વરસાદના છાંટા પડે છે. પૂ. માને નાના બાળક જેવો આનંદ થાય છે. બેઠકરૂમમાંથી દોડીને લોબીમાં આવે છે. વરસાદના નાના છાંટાઓને હાથમાં ઝીલે છે અને ખૂબ પ્રસન્ન બને છે. મને એક વાસણ ને કપડાનો ટુકડો લાવવાનું કહે છે. સફેદ કપડાના ટુકડાને વાસણ ઉપર બાંધી પાણીના છાંટા પડતા હતા ત્યાં મૂકવામાં આવે છે. પ્રથમ વરસાદના પાણીથી પૂ. મા—પ્રભુને સ્નાન કરાવે છે. પૂ. મા હંમેશ સાથે રાખે છે તે સ્વરૂપ લઈને આવે છે. હાથમાં વરસાદનું પાણી ઝીલી પ્રભુના સ્વરૂપને તે પાણીથી સ્નાન કરાવે છે. પૂ. મા હાથમાં વરસાદનું પાણી લઈ મસ્તક ઉપર ચઢાવે છે. પૂ. મા આ રીતે વરસાદનું સ્વાગત કરી રહ્યાં હોય તેવું લાગે છે અને હાથ જોડી પ્રાર્થના કરે છે, ''હે મેઘરાજા, તમે મન મૂકીને વરસજો.'' આ પ્રાર્થના રાતની બેઠકમાં સૌને પણ કહી બતાવવામાં આવી.

• • •

**અંબાજી—૨૦૦૨**

વરસાદ પડી રહ્યો છે. વાદળા ઘેરાયેલાં છે. વાતાવરણમાં ઠંડક છે. વરસાદને કારણે કપડાં સૂકવવાનો પ્રશ્ન છે. પૂ. મા જાતે જ નીચે આવે છે. યુવાન ભાઈઓને બોલાવે છે. લોબીમાં તાર બંધાવે છે. જેથી બધા કપડાં સૂકવી શકે. સાથે સૂચના આપે છે કે ઓફિસ આગળ કે બારણા આગળ કપડાં સૂકવશો નહિ. કોઈ પણ પ્રશ્નનું તત્કાલ નિરાકરણ તે પૂ. માનો સહજ



સ્વભાવ છે. નાનામાં નાની વાતનું ધ્યાન રાખી, યોગ્ય સૂચનો પણ કરે છે.

પૂ. મા ગુરુસ્થાને છે. સંસ્થાનાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ છે. આ કામ માટે કોઈ પણ ભક્ત અથવા કર્મચારીને સૂચન કરી શકત. પરંતુ પૂ. માએ તે કામ જાતે જ કર્યું. તે પૂ. માની મહાનતા છે. મોટાભાગે જોવામાં આવે છે કે સંસ્થાની વરિષ્ઠ વ્યક્તિઓ આવી નાની વાતોમાં ધ્યાન આપતી નથી. ખરેખર ભક્તોએ ગુરુની સગવડની ચિંતા કરવાની હોય. અહીં તો ગુરુ જ ભક્તોની ચિંતા કરે છે. ચિંતા કરી બેસી રહેતાં નથી, પણ ભક્તોની સુવિધા માટે કાર્યરત બને છે.

હે મા, તમારી આ મહાનતાને કોટિ કોટિ વંદન.

• • •

**અંબાજી—૨૦૦૨**

પૂ. મા પ્રણામ પહેલાં આગળના બેઠકખંડમાં જાય છે. ''ૐ યોગેશ્વરાય નમઃ'' મંત્ર લખેલું બોર્ડ હતું. બોર્ડના બંને છેડા ઉપર પ્રભુનું સ્વરૂપ હતું. બોર્ડ પીળું પડી ગયું હતું. તેથી તેના ઉપરથી ''ૐ યોગેશ્વરાય નમઃ'' મંત્ર અને બંને બાજુ પ્રભુનાં જે સ્વરૂપ હતાં તે બોર્ડ ઉપરથી કાઢી લેવાનાં હતાં. પૂ. મા સ્નાન બાદ તરત જ તે કામ કરે છે. ખૂબ સાવચેતીપૂર્વક કાગળ કાઢવા પ્રયત્ન કરે છે. સૌ પ્રથમ નખથી કાઢવા પ્રયત્ન કરે છે, પણ કાગળ નથી નીકળતો. ભીનું કપડું મૂકવાનો વિચાર કર્યો પણ તેથી મંત્ર અને સ્વરૂપવાળો કાગળ ફાટી જાય તેમ હતું. પૂ. માએ આંગળીના ટેરવા જેવડું નાનું કટર કાઢ્યું. અને એક ખૂણામાંથી ધીરે ધીરે કાગળ ઉખેડવા લાગ્યાં. ત્યારબાદ દરેક જગ્યાએથી કાગળ ઊંચો કર્યો. સેલોટેપવાળો ભાગ પણ સાચવીને દૂર કર્યો. ખૂબ ધીરેથી કાગળને ઉખેડવા

લાગ્યાં. કાગળના ત્રણભાગમાં મંત્ર અને સ્વરૂપ હતું. એક પછી એક ત્રણે ભાગને બોર્ડ ઉપરથી ઉખેડ્યા. કાગળ જરા પણ ફાટ્યો નહિ. મંત્ર અને સ્વરૂપ તેમ જ રહ્યાં. સ્વરૂપ અને મંત્ર માટે પૂ. માને કેવો પૂજ્યભાવ છે? તેના દર્શન થાય છે. એ જર્જરીત થયેલા કાગળને નર્મદાજીમાં પધરાવે.

કાગળ નીકળી ગયા પછી બોર્ડ મને મૂકવા આપ્યું. ત્યાર બાદ પૂ. માએ મને પૂછ્યું બોર્ડ ક્યાં મૂક્યું છે?

પૂ. મા નાનામાં નાની વસ્તુનું પણ ધ્યાન રાખે છે.

• • •

અંબાજી—૨૦૦૨

પૂ. મા પ્રણામ કરતાં પહેલાં મિસ્ત્રીને બોલાવે છે. આગલી રાત્રે મિસ્ત્રીએ પ્રભુના સ્વરૂપનું ફ્રેમિંગ કર્યું હતું. ફ્રેમને પોલિશ કરવાની બાકી હતી. મિસ્ત્રી પોલિશ કરવા આવે છે. પૂ. મા જાડી જાજમ લાવે છે. (શેતરંજી) તેના ઉપર ગાદી મૂકે છે. ગાદી ઉપર ચાદર પાથરવામાં આવે છે. ત્યારબાદ ફ્રેમને પોલિશ કરવાનું શરૂ થાય છે. આ રીતે યોગ્ય વ્યવસ્થા કરી. પછી જ પૂ. મા રોજના નિયમના પ્રણામ કરે છે. પોતાના નિયમ કરતાં પણ પ્રભુના સ્વરૂપનો આદર પૂ. માને મન પ્રથમ છે. માટે જ જાતે જ વ્યવસ્થા કરી પછી પ્રણામ કરે છે.

પ્રભુ માટે પૂ. માનો ભાવ કેવો જીવંત છે! યાંત્રિક નથી. પ્રભુનું નાનું કામ પણ પૂ. મા માટે અગત્યનું છે. પ્રથમ પ્રભુના કામ પૂર્ણ કર્યાબાદ પોતાનું કામ પૂર્ણ કરે છે.

• • •

અંબાજી—૨૦૦૨

સાંજની બેઠકમાં અમદાવાદનો યુવાન વાર્તાલાપ આપે છે. નાનપણથી જ પૂ. માની નજીક રહેલો છે. પૂ. મા—પ્રભુ વિશે



સારી વાતો કરી. પરંતુ તે કહે છે કે, ''પૂ. મા મને ખખડાવે છે.'' પૂ. માએ આ વાક્યની નોંધ લીધી. પૂ. મા મને (મંજુલા-ને) કહે છે તમે માની નજીક રહો છો તો તમારી વાત તે યુવાનને કરો.

પૂ. મા વઢે છે પણ જ્યારે આપણી ભૂલ હોય ત્યારે. પૂ. મા જેને પોતાના માને છે તેને વઢે છે. પૂ. મા મેનેજર સેવકરામ અને શ્રી કલ્યાણ જેવા વડીલોને પણ વઢે છે. જે વઢે તે જ વ્હાલ કરે. પ્રેમ કરે. પૂ. મા જે કહે છે તે આપણા કલ્યાણ માટે જ હોય છે. પૂ. મા કહે નહિ તો આપણને આપણી ભૂલ સમજાય નહિ. એક નાની પણ ખોટી વાત માનસમાં દૃઢ થઈ જાય તો શ્રદ્ધાભક્તિમાં કમી આવી જાય છે. તે યુવાનનું કલ્યાણ થાય માટે બીજા અનુભવી ભક્તોદ્વારા પૂ. મા આ વાત તેને સમજાવવા પ્રયત્ન કરે છે.

• • •

અંબાજી—૨૦૦૨

રસોડામાં નાનોસરખો કરોળિયો ફરતો હતો. કરોળિયો બીજી કોઈ જગ્યાએ જાય નહિ તે માટે કરોળિયાને નાળિયેરના છોડા ઉપર લઈ લીધો અને બહાર લોબીમાં જઈ નીચે નાખ્યો. પૂ. મા આ દૃશ્ય જુએ છે. પૂ. મા મને લખે છે કે ''તમને આવી રીતે નીચે નાખવામાં આવે તો?'' પૂ. મા જીવમાત્રની ચેતના સાથે કેવાં એકરૂપ છે!

જીવજંતુ કે પ્રાણીમાત્ર માટે આપણો વ્યવહાર કેવો આદર્શ હોવો જોઈએ તે પૂ. મા બતાવી રહ્યાં છે. જાણે **आत्मनः प्रतिकुलानि परेषां न समाचरेत्।** નું (પોતાને જે પ્રતિકૂળ હોય, તેનું આચરણ બીજાંઓ પ્રત્યે ના કરાય, એ વાતની યાદ પૂ. મા આપી રહ્યાં હોય એમ નથી લાગતું શું! •

# ભગવાનનું ભક્તને ત્યાં પધારવું

તંત્રી

## પૂ. માની હારીજ યાત્રા

શ્રી બિપિનભાઇ તન્ના પૂ. માના અનન્ય ભક્ત સેવક છે. તેમના પત્ની પણ એવાં જ શ્રદ્ધાળુ ને સેવાપરાયણ. તેમનું નામ છે આરતીબેન.

આજથી પાંચ વર્ષ પહેલાં (નવેમ્બર, ૧૯૯૮) નવરાત્રિ દરમ્યાન એક સરસ ગાડીમાંથી એક રૂપાળો નવયુવાન— પોતાની પત્ની ને બે બાળકો સાથે સ્વર્ગારોહણમાં પ્રવેશે છે. તેને પૂ. મા કે પૂ. ગુરુદેવનો ખાસ પૂર્વ પરિચય નથી. વાહનમાંથી ઉતરીને તે ઓફિસમાં આવે છે ને જિજ્ઞાસાથી પૂ. માની પૃચ્છા કરે છે. શ્રી કલ્યાણ અને શ્રી નારાયણભાઇ જાની, તેની પાસે પૂ. મા અને ગુરુદેવના જીવનવિષેની વાતો કહે છે— જે પતિપત્ની બંને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે. આ યુવાન એ જ શ્રી બિપિનભાઇ અને એમનાં ધર્મપત્ની આરતીબેન.

અમદાવાદથી આવેલ આ દંપતીએ છેલ્લા પાંચ વર્ષમાં તેમની સેવાપરાયણતા અને શ્રદ્ધાને લીધે પૂ. માના અંતરંગ સેવક—સેવિકામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સ્વર્ગારોહણના નવસંસ્કરણ અને યોગતીર્થના નિર્માણમાં શ્રી બિપિનભાઇની આવડત અને જ્ઞાને ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

શ્રી બિપિનભાઇને લીધે તેમના પિતાજી ડો. શ્રી હીરાભાઇ તેમ જ માતાજી શ્રી કાન્તાબેન પણ પૂ. મા પાસે આવવા



લાગ્યાં. આમ શ્રી દિનેશભાઇ અને નાનાં બે બાળકો સહિત આખો પરિવાર પૂ. માના શરણમાં આવતો થઇ ગયો.

તો એવો જ બીજો પરિવાર શ્રી કનુભાઇ ઠક્કરનો. તેમના પુત્ર ભાર્ગવભાઇને શ્રી અશોકભાઇ ગણાત્રાદ્વારા—પૂ. ગુરુદેવ અને પૂ. માની આધ્યાત્મિક ઊંચાઇની વાતો સાંભળવા મળી. તેથી પૂ. મા પાસે આવતાં જ તેઓ તેમની સરલતા, સાદાઇ અને ગુરુપરાયણતા જોઇ આકર્ષાયા. તે પછી ધીમે ધીમે પૂ. માની સેવામાં પણ કદીક સહયોગ ધરતા રહ્યા.

આ બંને પરિવારોની એવી એક સતત વિનંતી રહ્યા કરતી કે પૂ. મા અમારા ગામ હારીજ પધારો.

સામાન્ય રીતે ભક્તો ભગવાનના મંદિરે કે સ્થાનમાં જતા હોય છે, તેને આપણે યાત્રા કહીએ છીએ. પરંતુ એવું તો ભાગ્યે જ જોવા મળે જેમાં ભગવાન સામે ચાલીને ભક્તને ત્યાં પધારી તેનો ભાવ પૂરો કરે, એટલું જ નહિ, પરંતુ તેને કૃતકૃત્ય પણ કરે.

પૂ. મા સર્વેશ્વરીમાં આ બંને પરિવારોને ખૂબ ઊંચો ભગવદ્-ભાવ છે એટલે તો પોતાને ગામ પધારવા આગ્રહ કરતાં રહે.

આ વખતે પદયાત્રા પ્રસંગે શ્રી બિપિનભાઇએ અદ્ભુત સેવા આપી, તો પૂ. માના જન્મદિનની તા. ૧૩ નવેમ્બર— ૨૦૦૩ ની ઉજવણીમાં હારીજથી બધા જ ભાઇબેનો આવ્યાં તેથી તેઓએ જતી વખતે જ્યારે હારીજ પધારવા વિનંતી કરી, તો પૂ. માને થયું કે 'વચ્ચે એકાદ દિવસ ફાજલ હોય તો જઇ આવીએ.' આમ અચાનક તા. ૧૪ મીએ શ્રી બિપિનભાઇને કહ્યું, ''તમને અનુકૂળ હોય તો રવિવારને તા. ૧૬ મીએ હારીજ આવીએ.'' પરંતુ સાથે બધા ભક્તો આવે તો ચાલે?

''હા મા, જરૂર ચાલે. ભક્તો આવે એવું અમારું ભાગ્ય ક્યાંથી?''

આ રીતે સેવા અને શ્રદ્ધાનું વળતર તેમને મળી જતું લાગ્યું. વચ્ચે માત્ર એક દિવસ જ—તેમાં પૂ. માના સ્વાગતની તૈયારી કરવાની અને ભક્તોને જમાડવાની.

તા. ૧૬ મી નવેમ્બરે એક લકઝરી બસ અને બે ગાડીઓમાં સવારે અંબાજીથી હારીજ જવા માટે પ્રસ્થાન કર્યું. માર્ગમાં આવતા સિદ્ધપુરનો રુદ્રમાળ અને પાટણની સ્થાપત્યકલાના નમૂનારૂપ રાણીની વાવ જોઇ, તો પાટણનાં પટોળાવાળા સાળવી કુટુમ્બની પટોળાના કસબની કારીગીરી પણ નિહાળી. આ જોવામાં પૂ. માએ ખૂબ રસ દાખવ્યો. ૭૦૦ પરિવારો આ કસબપર નભતા, તેને સ્થાને હવે માત્ર ૩ કુટુમ્બો જ આ વ્યવસાયમાં આજે કામ કરે છે. કારણ હાથ કારીગરીનાં આવા એક પટોળાની કિમ્મત રૂા. સીત્તેર હજારથી લાખ—દોઢ લાખ જેવી થાય. તેને બનાવતાં ચારથી છ મહિના લાગે. એટલે મજૂરી ખૂબ મોંઘી પડે.

પાછળથી પૂ. માએ જણાવ્યું કે આવી વ્યક્તિઓને આપણે ત્યાં આમંત્રી તેઓનું યથોચિત સન્માન કરવું જોઇએ. પૂ. માને આવો વિચાર આવ્યો છે. એટલે વહેલે કે મોડે પૂ. મા તેવું કંઇ અવશ્ય કરશે. આમાં પૂ. માનો સાચા કલાકારો પ્રત્યેનો આદર-ભાવ વ્યક્ત થયાવિના રહી શકતો નથી. પૂ. માની આવી કળા-પારખું દૃષ્ટિનો જય હો.

• • •

હારીજ પહોંચતાં થોડું મોડું થયું હતું. શ્રી બિપિનભાઇના પિતાજી ડો. હીરાભાઇ તન્ના તથા શ્રી કનુભાઇ ઠક્કર મુખ્ય યજમાનો ગામના પ્રવેશ આગળ જ સત્કારવા ઊભા હતા. શ્રી બિપિનભાઇના આંગણે મંડપ નંખાયો હતો. ઘરે કોઇ માંગલિક પ્રસંગ હોય તેમ ઘરનું પ્રવેશદ્વાર તોરણોથી સજાવવામાં આવ્યું



હતું. કન્યાઓએ જળકળશથી પૂ. માનું સ્વાગત કર્યું.

પૂ. માની આ પ્રથમ મુલાકાત હોઇ—દર્શનાર્થીઓનો ધસારો સારો એવો હતો.

પૂ. માની આજ્ઞા પ્રમાણે પૂ. ગુરુદેવ અને પૂ. માની સાધનાનો પરિચય શ્રી નારાયણભાઇ જાનીએ સંક્ષેપમાં આપી જણાવ્યું હતું કે હારીજ ગામ આજે પૂ. માના પુનિત પગલે ધન્ય બન્યું છે. કારણ કે ગામના એક સુપુત્રે પૂ. માની નિઃસ્વાર્થભાવે સેવા કરી એમનો પ્રેમ જીત્યો છે. તેનો લાભ આજે ગામને મળી રહ્યો છે.

હાલ ડો. હીરાભાઇ અને તેમનાં ધર્મપત્ની કાન્તાબેન હારીજ એકલાં રહે. તેથી તેમને માટે માત્ર એક દિવસમાં આ બધી તૈયારી અશક્ય જેવી હતી. પરંતુ પ્રભુકૃપાથી આખો પ્રસંગ સુચારુરૂપે ઉજવાયો. તેનો સૌને આનંદ થયો. માત્ર એક તૈયારી કરવી શક્ય ન હતી. છતાં પ્રભુકૃપાથી બધી સાનુ-કૂળતા પ્રાપ્ત થઇ. બધા સાધકો માટે મિષ્ટાન્ન ભોજનની સરસ વ્યવસ્થા પણ કરી.

બીજા યજમાન શ્રી કનુભાઇ ઠક્કરે પોતાની જીનિંગ ફેક્ટરી-માં પૂ. માના જાહેર દર્શન અને સત્સંગનો કાર્યક્રમ રાખેલો જેથી હારીજના બીજા ભાવિક જનોને પૂ. માની ઉપસ્થિતિ અને સત્સંગનો લાભ મળી શકે. અહીં શ્રી અશોકભાઇ ગણાત્રા, શ્રી યોગેશ પંડ્યા તથા શ્રી નારાયણભાઇ જાનીએ પ. પૂ. ગુરુદેવ તેમ જ પૂ. માની સાધનાની તથા સર્વમંગલ ટ્રસ્ટની પ્રવૃત્તિ-ઓનો ખ્યાલ આપી, શ્રી બિપિનભાઇની સેવાઓને બીરદાવી.

હારીજના લોકોએ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી, આ કાર્યક્રમને સફલ બનાવ્યો. તો પૂ. માએ પરિવારદીઠ શિવ-મહિમ્ન તેમ જ અધ્યાત્મનો એકેક અંક ભેટ ભેટ આપ્યો.

શ્રી કનુભાઇ ઠક્કરને ત્યાં પણ પૂ. માનું ખૂબ ભાવપૂર્વક સ્વાગત થયું. ઘરનાં સભ્યો શ્રી ઇન્દુબેન, શ્રી કુંતલબેન, શ્રી ભાર્ગવભાઇ, શ્રી રવિભાઇ તેમ જ શ્રી દીપુભાઇએ પૂ. મા સાથે પધારેલ સાધકોને ઉમળકાપૂર્વક આવકારી મિષ્ટાન્ન ભોજન ઉપરાંત આઇસ્ક્રીમ આગ્રહપૂર્વક ખવડાવ્યો. ખરે જ, આખા પરિવારનો ભાવ જ ખૂબ જ અનેરો હતો. પૂ. માને તો તે દિવસે નિર્જળાવ્રત હતું.

**પૂ. માની કરુણા**

પૂ. મા સર્વેશ્વરી હારીજમાં ડો. હીરાભાઇ તન્નાને ત્યાં થોડા કલાક રોકાયાં, ત્યારે ઘણી બધી બેનો પૂ. માના દર્શને આવી હતી. તેમાં એક વૃદ્ધ માજી પણ હતાં. તે એક બાજુ ખૂણામાં પોણો કલાક ઊભાં રહ્યાં. તેમની ઇચ્છા તેમના ચક્ષુહીન પુત્ર માટે પૂ. માના હાથનું એક પુષ્પ મેળવવાની હતી. પરંતુ તેઓ જાતે માગી શક્યાં નહિ અને પૂ. મા તો ત્યાંથી પ્રસ્થાન કરી ફેક્ટરી પરના કાર્યક્રમમાં પધાર્યાં. ત્યાં આયોજકોએ પુષ્પમાળા-ઓથી પૂ. માનું સ્વાગત કર્યું.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત બહેનો પૂ. માને પ્રણામ કરવા બેઠક પાસે આવી ગઇ ને પ્રણામ કરી વિદાય થઇ. છેલ્લે એક પ્રજ્ઞાચક્ષુ ભાઇને કોઇ પૂ. માની બેઠક પાસે દોરી ગયું. તો તે ભાઇએ પ્રણામ કરતાં જ, પાસે પડેલો હાર તેને આપી દીધો. તેથી તે ભાઇ ખૂબ ખુશ થઇ ગયા. તેમને શિવમહિમ્ન પણ આપ્યું.

આ એ જ ભાઇ હતા જેમને માટે એની માતાની પૂ. મા પાસેથી એક પુષ્પની અપેક્ષા હતી, તો પૂ. માએ તો તેને પુષ્પો-નો આખો હાર આપી કૃતાર્થ કરી દીધો. પૂ. માની કેવી કરુણા!

◎



### સ્વર્ગારોહણ તીર્થમાં છઠ્ઠો

# સર્વરોગ નિદાનયજ્ઞ

ડો. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણ તીર્થસ્થાનમાં છેલ્લા પાંચ વર્ષથી સર્વરોગ નિદાનયજ્ઞ યોજાય છે. આ વર્ષમાં આ બીજો નિદાન તા. ૨૩—૧૧—૨૦૦૩ ને રવિવારના રોજ પૂ. માની સંનિધિમાં યોજાયો. કુલ ૨૯૬૦ દરદીઓનું નિદાન વિવિધ રોગના નિષ્ણાત ડોક્ટરોદ્વારા થયું અને શ્રીમતી શારદાબેન રામભાઇ પટેલ-(યુ.એસ.એ.)ના આર્થિક સહયોગથી અને તેઓની ઉપસ્થિતિ-માં જ દવાઓનું વિતરણ પણ વિનામૂલ્યે કરવામાં આવ્યું.

દૂર દૂરના કુલ ૪૦ જેટલા ગામોમાંથી દરદીઓ આવી શકે તે માટે નિદાનયજ્ઞની માહિતી પ્રચારકાર્યદ્વારા આપવામાં આવી. બનાસ ટાઇમ્સ અને અન્ય સ્થાનિક વર્તમાન પત્રોમાં પણ સેવક શ્રી મહેન્દ્રભાઇ અગ્રવાલે નિદાનયજ્ઞ પૂર્વે માહિતી લોકોસુધી પહોંચાડી. ખાસ પ્રકારની પત્રિકાઓ અને બેનર્સનો ઉપયોગ કર્યો. વ્યક્તિગત સંપર્ક પણ શ્રી હેમલ મહેતા, શ્રી સ્નેહલ પુરોહિત, શ્રી દિવ્યેશ લેખડિયા, શ્રી વિજયભાઇ કનેરિયા, શ્રી જે. કે. પટેલે કર્યો અને દરદીઓસુધી નિદાન-યજ્ઞનો સંદેશો પહોંચ્યો.

તા. ૨૩—૧૧—૨૦૦૩ ના રોજ રવિવારે સવારે બરાબર ૯.૦૫ કલાકે સ્વર્ગારોહણ તીર્થના પ્રાંગણમાં પૂ. શ્રી યોગે-શ્વરજીના સ્વરૂપને સંકીર્તન સાથે ખાસ તૈયાર કરેલ બેઠકપર પધરાવવામાં આવે છે. સાધક ભાઇ—બહેનો સ્તુતિ કરે છે.

શ્રીમતી શારદાબેન અને શ્રી રામભાઇ પટેલ ઉપસ્થિત છે. પૂ. મા દીપ પ્રગટાવીને નિદાનયજ્ઞની શરૂઆત કરે છે. પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપને દીપ પ્રગટાવતાં પહેલાં અને પછી પ્રણામ કરે છે.

શ્રીમતી શારદાબહેન પૂ. માની આજ્ઞાથી આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપે છે 'વંદનીય પૂ. માને પ્રણામ.' સૌ સાધકોને જય શ્રી હરિ. હે મા, આપની કૃપાથી સમૂહમાં મળી શકાયું. અને ભારતમાં આવા યજ્ઞકાર્યમાં ઉપસ્થિત થવાયું. પૂ. મા સાથે ૩૬ વર્ષ પહેલાં નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં ભણતાં હતાં પછી અમારો સંપર્ક અમેરિકામાં થયો. અમને ખૂબ આનંદ થયો કે અમારી નાની બહેને (પૂ. માએ) અધ્યાત્મની દુનિયામાં કેવડી મોટી પદવી મેળવી લીધી છે. અમારાં ભાગ્યનાં દ્વાર ખૂલી ગયાં. અમારા જીવનનું મંગલ પૂ. માએ કર્યું છે. સૌનું મંગલ કરે છે. હે મા, આપના ચરણોમાં અમારા પ્રણામ. આ પવિત્ર થયેલા હાથ ઉત્તમ કાર્યો કરે, નેત્રો તમારું જ દર્શન કરે, અમારું આ શરીર આપની પ્રસાદી છે, આપની કૃપાનું ફળ છે. અમારા બંને પગના ઓપરેશન સફળ થયા તે આપની આપની કૃપાનું ફળ છે. હે મા, આપને પ્રણામ સિવાય અમે બીજું કરીએ?

આટલી નાનકડી વાતમાં પૂ. મા પ્રત્યેનો સમર્પણભાવ છલોછલ છતો થતો હતો. પૂ. મા પણ શ્રીમતી શારદાબહેનની બાજુમાં ઊભાં છે. સાધકો પ્રાંગણમાં બેઠા છે. ઉદ્‌ઘાટનની આ પળો સમયની સાથે વહે છે અને વિરલ દશ્યો દેખાય છે. પૂ. માને મન દાતા, દરદી, દાક્તરો અને સાધકો જ મુખ્ય, પોતે ગૌણ. શ્રીમતી શારદાબેન ખૂબ પ્રેમપૂર્વક સ્તુતિ કરે છે.

'દીવડા જગમગ જગમગ થાય,
આરતી યોગેશ્વર પ્રભુની થાય,



આરતી સર્વેશ્વરી માતની થાય,
આરતી જ્યોતિર્મયી માતની થાય. દીવડા.

પ્રેમનો દીપક પ્રગટાવ્યો આજ,
અંતરની આરતી ઉતારું આજ. દીવડા.

શ્રદ્ધાની સાકર ધરાવી આજ,
તુલસીના પાન મૂક્યા છે સાથ. દીવડા.

મા—પ્રભુના ચરણોમાં કોટિ પ્રણામ,
દર્શન દેજો મને એક જ વાર,
મારો જોજો હૃદયનો ભાવ. દીવડા.'

ભાવવાહી સ્તુતિ થતી હોય, પૂ. માની સંનિધિ હોય અને ભક્તોનું વૃંદ હોય ત્યાં 'સર્વેશ્વરી સ્મરણ વૃંદાવન' સહજ રીતે ખડું થઇ જાય. શ્રીમતી શારદાબેને આર્થિક સહયોગ આ નિદાનયજ્ઞમાં આપ્યો. પણ પોતાના પ્રતિભાવમાં ક્યાંય તેનો ઉલ્લેખ કરીને પ્રશસ્તિ મેળવવાની ઇચ્છા દેખાણી નહીં. બસ, મા—પ્રભુને એટલું જ કહ્યું કે અમારો તમારા પ્રત્યેનો આ 'ભાવ' જો જો. પૂ. મા પણ ખૂબ પ્રસન્ન છે. સૂર્યના કૂમળા કિરણો પૂ. માના શ્રીવિગ્રહ પર પડે છે એ દશ્ય પણ નયનરમ્ય બની જાય છે.

ડોક્ટરો આવવાની તૈયારી છે. નિદાનયજ્ઞનું ઉદ્‌ઘાટન થઇ ચૂક્યું છે. પૂ. માની સમક્ષ સાધકો બેઠા છે. પૂ. મા સ્લેટ પર નિદાનયજ્ઞના ઉદ્‌ઘાટનના આ કાર્યક્રમનો પ્રતિભાવ આપે છે.

'પૂ. શ્રીની મિત્રતા શ્રી નારાયણભાઇ સાથે જેમ ઉપયોગી ઠરી ને ગુજરાતને અધ્યાત્મ માસિક મળ્યું તે રીતે અમારી શારદાબેન જોડેની મૈત્રી સર્વમંગલ ટ્રસ્ટ માટે સહાયક ઠરી.

અમે નાના હતાં ત્યારે તોફાની હતાં. એટલે બાપુજીએ દૂર ભણવા મૂક્યાં. નડિયાદમાં રડતાં રડતાં દિવસો પસાર કરતાં હતાં. ઘર છોડવું કદાચ આકરું લાગતું હશે. પણ ત્યાં નાની બેન માટે એક એક મોટી બેન સંભાળ માટે મૂકવામાં આવતાં. એ રીતે આ શારદાબેનને અમને સોંપ્યાં. છોકરીને (પૂ. માને) વંચાવવું, લેસન કરાવવું, વાળ ગૂંથી દેવા, કોઇ પણ જાતના લોહીના સંબંધ વગર ''પ્રેમ સગાઈ'' તે પાકી કરી. આજે સોળે કળાએ ખીલી ઊઠી. એમનો પ્રેમ, ભક્તિ એમના ઘર (U.S.A.) સુધી ઘસડી ગઈ. ત્રણ દિવસ રોકાવા માટે (અમેરિકામાં). ત્યારે શ્રી પરમાર્થી (ઈશ્વરભાઇ ભક્ત) પણ હતા. અને એ મિત્રતા આજે સત્કર્મ કરાવી રહી છે. અમે ઇચ્છીએ આવા ૧૦૮ મેડિકલ કેમ્પ અનંત જન્મોસુધી તે કરતાં રહે. તમને સૌ સેવકોને તેઓ પ્રેમથી નવાજે છે. તમે (સાધકો) તો સૌ ઘરના છો, માટે ધન્યવાદની અપેક્ષા નથી. સૌ આ રીતે સર્વમંગલના કાર્યો કરતા રહો એ જ પ્રાર્થના છે. પૂ. શ્રી એને સફળતા ધરતા રહો.'

પૂ. માના આ પ્રેરણાદાયી વચનો સાંભળીને સૌને સેવાકાર્યથી ઘસાઇને ઉજળા થવા માટે ખૂબ પોરસ ચડ્યો. ડોક્ટરો પણ પાલનપુરથી આવી ગયા. પૂ. મા પણ પોતાની જાણીતી સેવા—(પાણી આપવાની)—માં પરોવાઇ ગયાં.

**આ નિદાનયજ્ઞમાં આ મુજબના ડોક્ટરોએ સેવાઓ આપી**

| ક્રમ | ડોક્ટરનું નામ | તજજ્ઞતાનું ક્ષેત્ર | ગામ/શહેર |
|---|---|---|---|
| ૧. | ડો. કૃદંત આર્ય | હાડકાં | પાલનપુર |
| ૨. | ડો. મનસુખભાઇ પટેલ | સર્જન | અંબાજી |
| ૩. | ડો. પંકજભાઇ સત્યપાલ | સર્જન | પાલનપુર |
| ૪. | ડો. અરવિંદ શાસ્ત્રી | ફિઝિશ્યન | અમદાવાદ |



| | | | |
|---|---|---|---|
| ૫. | ડો. રાજેશ ચૌહાણ | ફિઝિશ્યન | પાલનપુર |
| ૬. | ડો. અતુલ ત્રિવેદી | ફિઝિશ્યન | અમદાવાદ |
| ૭. | ડો. પરેશ પરીખ | આંખ | પાલનપુર |
| ૮. | ડો. હસમુખ જોશી | આંખ | પાલનપુર |
| ૯. | ડો. નીતિન ત્રિવેદી | આંખ | અમદાવાદ |
| ૧૦. | ડો. સંદીપ દેસાઇ | આંખ | વડોદરા |
| ૧૧. | ડો. તથાગત ચાવાલા | દાંત | અમદાવાદ |
| ૧૨. | ડો. મેનાબેન જાવિયા | દાંત | રાજકોટ |
| ૧૩. | ડો. અમીત અખાણી | ઇ.એન.ટી. | પાલનપુર |
| ૧૪. | મોહનભાઇ બંસલ | ઇ.એન.ટી. | આણંદ |
| ૧૫. | ડો. પ્રવીણ પટેલ | ફિઝિશ્યન | પાલનપુર |
| ૧૬. | ડો. અજય ચૌહાણ | દાંત | પાલનપુર |
| ૧૭. | ડો. કે. જી. ટેલર | સ્ત્રીરોગ | પાલનપુર |
| ૧૮. | ડો. નીતા ત્રિવેદી | સ્ત્રીરોગ | અમદાવાદ |
| ૧૯. | ડો. જિતેન્દ્રભાઇ મોદી | ચામડી | પાલનપુર |
| ૨૦. | ડો. દીપક ચૌધરી | હરસ, મસા | પાલનપુર |
| ૨૧. | ડો. પીનાકીન પટેલ | રેડિયોલોજીસ્ટ | પાલનપુર |
| ૨૨. | ડો. વીરેન શાહ | ફિઝિશ્યન | આણંદ |
| ૨૩. | ડો. મયંક પટેલ | સર્જન | અમદાવાદ |
| ૨૪. | ડો. હેમા ભોજાણી | ફિઝિશ્યન | સુરત |
| ૨૫. | ડો. કુંદન ગોહિલ | બાળરોગ | ભાવનગર |
| ૨૬. | ડો. જયેશ પટેલ | ફિઝિશ્યન | સુરત |
| ૨૭. | ડો. પીયૂષ જોશી | એનેસ્થેટિસ્ટ | પાલનપુર |
| ૨૮. | ડો. હરેન્દ્ર સુરતિયા | સામાન્ય રોગ | ઝણોર |
| ૨૯. | ડો. પટેલ | સામાન્ય રોગ | કપુરા |

| | | | |
|---|---|---|---|
| ૩૦. | શ્રી એલ.એસ.પટેલ | આંખના નંબર માટેના ટેકનિશ્યન | પાલનપુર |
| ૩૧. | શ્રી ઘનશ્યામ જોશી | આંખના નંબર માટેના ટેકનિશ્યન | પાલનપુર |
| ૩૨. | શ્રી રણજિતસિંહ પરમાર | આંખના નંબર માટેના ટેકનિશ્યન | પાલનપુર |

સવારના ૯.૦૫ થી શરૂ થયેલો નિદાનયજ્ઞ બપોરે ૩.૦૦ કલાકે પૂર્ણ થાય છે. આ છ કલાકના સમયગાળામાં પૂ. મા સૌ ડોક્ટરો, સાધકો અને કતારમાં ઊભેલા દરદીઓને પાણીના ગ્લાસ આપે છે, ડોક્ટરોને શરબત અને આઈસ્ક્રીમ પણ જાતે જ આપે છે. સૌ કોઈ આ અણમોલ લાભથી ધન્યતા અનુભવે છે.

રજીસ્ટ્રેશન કાઉન્ટર પર દરદીઓની નોંધણી થાય છે. દરદી-ઓને ડોક્ટરોસુધી સાધકો દોરી જાય છે. વૃદ્ધ અને અશક્તોને ખુરશીમાં બેસાડીને લઇ જવામાં આવે છે. કેટલાક દરદીઓના શરીરપરની ચામડી અને હાડકાં એક થયેલાં જણાય છે. કુ-પોષણ, ગરીબાઇ, પાણીની અસુવિધા, વસ્ત્રોનો અભાવ જોઇને સહુ કોઈનું હૃદય દ્રવી જાય. પૂ. મા પ્રતિભાવ આપતાં સ્લેટપર લખે છે કે 'આ એક દિવસના નિદાનયજ્ઞથી શું થાય? ઘણું કરવાનું બાકી છે.'

દરદીઓને શ્રી વામનભાઇ ભક્ત(પૂ. માના ભાઇ)ની સ્મૃતિમાં ચવાણું અને લાડુનો પ્રસાદ આપવામાં આવ્યો. આ માટે કપુરાથી શ્રી જગદીપભાઇ, શ્રી સંજયભાઇ, ગુલાબબેન, નિવેદિતાબેન, દમયંતીબેન, મીરાબેન, વસંતભાઇ, ગુલાબબેન (પનામા) ગુલાબ-બેન (અમેરિકા) ખાસ સ્વર્ગારોહણ આવ્યાં. દરદીઓને મસાલા-યુક્ત છાશ કેનેડાના સાધકો તરફથી આપવાની પણ વ્યવસ્થા



કરી. આ માટે પરદેશથી આવેલ ભક્તોને સેવા મળી. શ્રી અંબુભાઇ, શ્રી હંસાબેન, શ્રી પ્રભુદાસભાઇ, શ્રી રુક્ષ્મણીબેન, શ્રી પુષ્પાબેન, શ્રી ઇંદિરાબેન, શ્રી અમૃતભાઇએ સારી જહેમત ઊઠાવી. બેતાળાના મફત ચશ્મા, દવાઓ, પ્રસાદ, છાશ અને પૂ. માના દર્શન. આ પાંચ પ્રકારના દાનથી દરદીઓ એક પ્રકારનો સંતોષ લઇને જતા હતા.

સરસ રીતે નિદાનયજ્ઞનું કાર્ય થઇ શકે તે માટે સેવાકીય પ્રવૃત્તિઓની વિવિધ ટૂકડીઓ પાડીને સેવાઓ પ્રાપ્ત કરવા માટે સાધકો તલપાપડ થતા હતા. નાના તારક અને ધ્રુવથી માંડીને શ્રી નારાયણભાઇ જાની સહિતની ઉંમરના સૌ કોઇએ પોતાની સેવાઓ આપી.

બપોરના ૩—૦૦ કલાકે પૂ. શ્રીના સ્વરૂપને સંકીર્તન સાથે શ્રી નારાયણભાઇ જાની હાથમાં લઇને પૂ. માના ખંડમાં પરત પધરાવે છે. પછી સૌ હોલમાં એકત્ર થાય છે. સૌ ઉપસ્થિત ડોક્ટરોને એક ભેટનું પેકેટ, પૂ. શ્રી લિખિત ઉપનિષદ્‌નું અમૃત પુસ્તક શ્રીમતી શારદાબેન અને શ્રી રામભાઇ પટેલના હસ્તે આપવામાં આવે છે. સેવકોના શ્રેષ્ઠ મિત્ર અને પાયાના પથ્થર શ્રી તુલસીભાઇ, રાધાબેન તરાલ, શ્રી પી. એસ. જાની, શ્રી મહેન્દ્રભાઇ અગ્રવાલને પૂ. મા ઊભા થઇને ભેટ આપે છે.

શ્રીમતી તરલાબેન દેસાઇએ આ નિદાનયજ્ઞનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે—

- આજનો આ કાર્યક્રમ પણ અધ્યાત્મયજ્ઞથી ઓછો ન હતો.
- ડોક્ટર અને પેશન્ટ વચ્ચે Give & Takeનો મહિમા છે.

● અનુભવ થયો કે "યજ્ઞ" શબ્દ હતો. આ યજ્ઞમાં દરેકને કાંઈક આપવું છે, લેવું નથી.

● ત્યાગની ભાવના છે.

● આજનું યજ્ઞકાર્ય ઉત્તમ રીતે સંપન્ન થયું.

● દર્દી આવતા હતાં પાણી મળતાં જ તેમને સંતોષ થતો હતો.

● હું અંગત કામ માટે આવી હતી, પણ યોગતીર્થમાં હું બેસી ન શકી. જ્યારે સક્રિય પ્રેમ પથરાયેલો જોઇએ તો એમ જ થાય કે સહભાગી બનીએ. કિનારે બેસીને જોવું ન ગમે.

● કેમ્પો ઘણા થાય છે પણ અહીં દર્દીઓ સાથેનો વ્યવહાર સુંદર.

● આવો કેમ્પ મેં ક્યાંય જોયો નથી.

● "ફરજથી કામ સારું થાય છે, પણ પ્રેમથી કામ સુંદર થાય છે."

● આપણને સુંદર તક આપીને સરસ દિશા બતાવી છે.

● આપણે પણ આપણું નિદાન કરીએ કે આપણે ક્યાં છીએ! તો સાર્થક જીવન પણ થાય.

ડો. મોહનભાઇ બંસલ : આવો કેમ્પ અમે ક્યાંય જોયો નથી. અહીં આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ થાય. 'મા'નો તો શું આભાર માનીએ 'મા'નો તો પ્રેમ જ એટલો બધો છે.

ડો. પરેશ પરીખ : આ કેમ્પ કર્યાનો અમને આનંદ છે. અમારું સૌભાગ્ય છે કે આટલા સારા વાતાવરણમાં અમને સેવાની તક મળી. ખાત્રી આપું છું કે ક્યારેય આ કેમ્પને ડોક્ટરોની ખોટ નહિ પડે.



સ્વયં સેવકોની નિઃસ્વાર્થ સેવા ખૂબ જ આવકારદાયક છે. સુંદર છે. દર વર્ષે દર્દીઓનો પ્રવાહ વધતો જ રહે છે.

શ્રી રામભાઇ પટેલને પૂ. મા કુટિયામાં બિરાજમાન પૂ. માના સ્વરૂપની ભેટ આપે છે.

આ નિદાનયજ્ઞના આયોજનમાં ડો. શ્રી પીયૂષભાઇ જોશી, શ્રી રાજુભાઇ જાની, ડો. બી. જે. જાગાણી, શ્રી ઘનશ્યામભાઇ, શ્રી રંજનબેન, શ્રી પ્રભુભાઇ, શ્રી કલ્યાણ, શ્રી શાંતિભાઇ, શ્રી અજયભાઇ કલોલા, શ્રી દીપકભાઇ, શ્રી દવેભાઇ, શ્રી જગુભાઇ મિસ્ત્રી, શ્રીમતી નીરુબેન મિસ્ત્રી, શ્રીમતી શકુબેન, શ્રી વસંતભાઇ, ડો. પરેશભાઇ અંધારિયા, શ્રી રમેશભાઇ પરીખ વગેરેએ ખાસ જહેમત ઊઠાવી.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# મેડિકલ કેમ્પ—એક પ્રતિભાવ

પ્રો. તરલા દેસાઈ

## 'સ્વર્ગારોહણ' બન્યું રોગહરણકેન્દ્ર

'કોઈ પણ પ્રવૃત્તિ જ્યારે યજ્ઞ બની જાય છે ત્યારે વ્યક્તિ-દ્વારા વ્યક્તિસેવા નહિ, જીવદ્વારા શિવની ઉપાસનાનું એ પુણ્ય-પર્વ બની જાય છે.' આવા એક મંગલ અવસરના સાક્ષી બનવાની તક મને તા. ૨૩–૧૧–૦૩ ના રવિવારના રોજ સર્વમંગલ ટ્રસ્ટદ્વારા આયોજિત મેડિકલ કેમ્પ, વિનામૂલ્ય સર્વ-રોગ નિદાનયજ્ઞ નિમિત્તે પ્રાપ્ત થઈ. પરમ સદ્ભાગ્ય એને હું મારું સમજું છું. અંબાજીસ્થિત સ્વર્ગારોહણને આંગણે આયો-જિત પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનું એ સંનિધિપર્વ પ્રતીતિ કરાવી ગયું કે, જગતની ગડમજલ, રોજિંદી દોડમજલ ત્યજી આવેલા એવા આપણે ઈશ્વરની નજીક છીએ એટલું જ નહિ, ઈશ્વર પણ આપણી સંનિકટ છે.

એ દિવસે સ્વર્ગારોહણના પ્રવેશદ્વારની બંને બાજુ લોકોની લાંબી–લાંબી કતારો હતી. કેટલાક સ્વયંસેવકો લોકોને સમ-જાવતા હતા કે, 'બધાંનો વારો આવશે. કોઈ સેવાથી વંચિત નહિ રહે.' અન્ય સ્વયંસેવકો પ્રવેશનો નાનો દરવાજો ખોલી, અંદર લગભગ ૫૦૦ જેટલા દર્દીઓને પ્રવેશ આપી હારબંધ ઊભા રહેવા વીનવતા હતા. પરમ પૂજ્ય 'મા' થાળીમાં દસ–બાર સ્ટીલના પ્યાલા જળથી ભરી લાવી, પ્રત્યેકને સ્વહસ્તે પાણી પાતાં હતાં. દર્દીઓ સાથે બાળકો દૃષ્ટિગોચર થતાં તેમને ચોકલેટ–બિસ્કિટથી રાજી કરી દેતાં હતાં.



પરમ પૂજ્ય 'મા'નો સ્નેહસત્કાર પામી દર્દીઓ જમણી બાજુ આવેલા વિભાગમાં નામની નોંધણી કરાવવા તેમ જ તેમને કયા રોગનું નિદાન કરાવવાનું છે તેનું કાર્ડ (ફોર્મ) લેવા જતા હતા. એ વિધિ પતાવ્યા બાદ સ્વયંસેવકો તેમને આંખ–કાન–ગળા, દાંત, હાડકાં, ચામડીના રોગ ઉપરાંત સામાન્ય બીમારી, સ્ત્રીરોગ, માનસિક રોગ વગેરેના નિષ્ણાત ડોક્ટરોની પેનલ માટે કરેલા વિભાગોમાં લઈ જતા હતા. ત્યાં પણ ઉપસ્થિત સ્વયંસેવકો એમને કતારબંધ ઊભા રહેવા વીનવતા હતા. કતારમાં ઊભા રહેલા દર્દીઓને કલાક જેટલો સમય થઈ ગયો હોય તો પૂ. 'મા' તેમને તરસ લાગી હશે માની પાણી પીવડાવવા દોડી જતાં હતાં.

રોગનિદાન વિભાગોમાંથી દર્દીઓને 'દવા–વિતરણ કેન્દ્ર' તરફ સ્વયંસેવકો દોરી જઈ, દરેકને ડોક્ટરોના પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે દવા મળી રહે એ માટેની વ્યવસ્થા કરતા હતા.

દવાઓ મેળવનાર દર્દીઓને છાશ આપવામાં આવતી હતી. છેલ્લે સ્વર્ગારોહણની (બહાર જનાર) વિદાય લેનાર પ્રત્યેક દર્દીને પ્રસાદમાં ચવાણા અને બુંદીના લાડુની પ્રસાદીનાં બબ્બે પેકેટ આપવાની વ્યવસ્થામાં છ–સાત સ્વયંસેવકો હતા.

સવારના નવ વાગ્યાથી આરંભાયેલો નિદાનયજ્ઞ લગભગ ત્રણ વાગ્યા સુધી ચાલ્યો. ૨૯૬૦ જેટલા દર્દીઓએ એનો લાભ લીધો. પણ સૌથી નોંધપાત્ર વાત એ હતી કે, દરેક દર્દીના ચહેરાપર પોતાના રોગનું નિદાન કરાવી દવા લીધાનો સાથે સ્નેહભરી પ્રસાદી મેળવ્યાના આનંદ સાથે પૂજ્ય 'મા'ની સંનિધિથી પ્રાપ્ત પ્રસન્નતા–શાંતિનો અને દરેક સ્વયંસેવકના સેવાભાવથી પ્રાપ્ત પરિતોષનો ભાવ હતો. કોઈ રિસાયેલા–

રડતા બાળકો પાસે પૂ. 'મા' પહોંચી જઈ એનું ખિસ્સું ચોકલેટ-થી ભરી દેતાં અને બાળકનો મલકાટ જોઈ પૂ. 'મા'ના મુખાર-વિંદપર જે પ્રસન્ન સ્મિત છવાતું તે અનુપમ દૃશ્ય જોનાર ધન્ય બની જતાં!

આ 'નિદાનયજ્ઞ'ની લાક્ષણિકતા એ હતી કે, ડોક્ટરો માટે તો યોગતીર્થ, (યોગશૈવલ્યમ્) અને યોગધામ વગેરેમાં સુવિધા-ભરી વ્યવસ્થા હતી. પણ આવનાર દર્દીઓને પણ તાપ ન લાગે માટે સર્વત્ર મંડપ—ચંદરવાની વ્યવસ્થા હતી. બધું જ એટલું સુઘડ, સ્વચ્છ અને વ્યવસ્થિત હતું કે, કેટલાંય દર્દીઓ અંદરો-અંદર વાતો કરતાં કહેતાં સંભળાયાં 'આવી પ્રેમભરી કાળજી અમને ક્યાંય નથી મળતી.' ઘણા દર્દીઓ પૂ. 'મા' જે એમની હંમેશની શ્વેત—શ્વેતવસ્ત્રવૃત્તા દેહાકૃતિને દોડાદોડી કરતા જોઈ, વિસ્મય અનુભવતા તાકી રહેતા હતા. (અલબત્ત, એમને કંઈ જાણ ન હતી કે આ નિદાનયજ્ઞનાં જ નહિ, સ્વર્ગારોહણમાં કે અન્યત્ર થતી સર્વમંગલ ટ્રસ્ટની એકેએક પ્રવૃત્તિના મૂળ પ્રેરણા-સ્રોત તો આ 'મા' જ છે. જે અત્યારે જ સવારથી કાર્યરત નથી, આની પૂર્વતૈયારી માટે બબ્બે રાતથી સળંગ જાગ્યાં છે.)

આ નિદાનયજ્ઞ માટેનું અનુદાન અર્પનાર શ્રીમતી શારદા-બેન અને શ્રી રામભાઈ પટેલ પણ ખડેપગે સેવામાં હતાં. છાશ પાઈ હાશ લેવા ઈચ્છનાર કેનેડાવાસીઓ પણ અત્ર—તત્ર સેવાકાર્યમાં ઓતપ્રોત હતાં. યજ્ઞની પૂર્ણાહુતિરૂપે પ્રસાદી ધરનાર અમેરિકાવાસી શ્રી જગદીપભાઈ ભક્ત અને શ્રી સંજયભાઈ ભક્ત સ્વયં એના વિતરણ માટે બધો સમય ઉપસ્થિત હતા. 'સર્વમંગલ'ના ટ્રસ્ટીઓ સર્વ શ્રી રાજુભાઈ, બિપિનભાઈ, વિજયભાઈ સર્વ દર્દીઓને ખુરશીમાં બેસાડીને



ઊંચકી લેવાના કાર્યથી માંડીને દરેકેદરેક નાના—મોટા કાર્યમાં ગળાડૂબ હતા. ભાવનગર યુનિ.ના ડો. જાગાણી જે છેલ્લા એક મહિનાથી આની પૂર્વતૈયારીમાં ટ્રસ્ટીઓ સાથે હતા એ પણ અહીંની પ્રત્યેક સેવામાં સક્રિય હતા.

સર્વ શ્રી શાંતિભાઈ કનેરિયા પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના મિત્રો—ભક્તો જે આજે સુજ્ઞ વડીલજનો છે તેઓ પણ આ યજ્ઞકાર્યમાં ઉલટથી શામિલ હતા. અમેરિકા, કેનેડા, મુંબઈ, કપુરા, સુરત, ભરુચ, આણંદ, વડોદરા, અમદાવાદ, ભાવ-નગર, રાજકોટ, મોરબી, ભૂજ વગેરે ખૂણે ખૂણેથી સ્વયં-સેવકોની ફોજ અહીં ઉપસ્થિત હતી.

નિષ્ણાત ડોક્ટરોની ટીમ પણ દૂર દૂરના શહેરોમાંથી અહીં ઉપસ્થિત હતી. મોટાભાગના ડોક્ટરો તો બે—ત્રણ વર્ષથી આ નિદાનયજ્ઞમાં નિયમિત આવે છે. નવા આવેલા ડોક્ટરોએ પણ 'આવતા વર્ષે અમને યાદ કરજો. અમને અહીં જ્યારે પણ જરૂર હોય ત્યારે બોલાવશો તો અમારા પર ઉપકાર થશે' એવું પ્રેમથી કહ્યું. આ ડોક્ટરો પણ પધારતાં જ એમનું નાસ્તા—રાબથી સ્વાગત થયું. વચ્ચે લીંબુનું શરબત અને પૂ. માના વરદહસ્તે આઈસ્ક્રીમ અને છેલ્લે મહાપ્રસાદ—ભોજનની વ્યવસ્થા પામ્યા.

'નિદાનયજ્ઞ'ની પૂર્ણાહુતિ યોગતીર્થના પ્રાર્થનાખંડમાં પરમ પૂજ્ય 'મા'ની પવિત્ર સંનિધિમાં વિધિવત્ કરવામાં આવી. જેમાં 'સર્વમંગલ'ના ટ્રસ્ટી શ્રી રાજુભાઈએ નિદાનયજ્ઞના આયોજનની બધી વિગતો આપી અને કાર્યક્રમને સફળ બનાવ-નાર સર્વનો ઋણસ્વીકાર કરી, પરમ પૂજ્ય 'મા'ના પ્રેરણા-બળના શક્તિસ્રોતની ઝલક આપી. પછી પૂજ્ય 'મા'ના વરદ-

હસ્તે સર્વ ડોક્ટરોને સર્વમંગલ ટ્રસ્ટ તરફથી 'પ્રેમપ્રતીક' અર્પણ થયું. આ નિદાનયજ્ઞની વાત અંબાજીનાં આજુબાજુના ગામ-લોકો સુધી પહોંચાડી, એમને આ સેવાનો લાભ લેવા પ્રેરનાર સેવકોને સર્વ શ્રી તુલસીભાઇ જોષી તેમ જ રાધાબેન તરાલને પણ પૂ. 'મા'એ વધાવ્યા.

(છેલ્લે મુ. નારણભાઇ જાની કે જેઓ વર્ષોથી 'અધ્યાત્મ' સામયિક સુંદર રીતે ચલાવે છે અને સર્વમંગલ ટ્રસ્ટની પ્રત્યેક પ્રવૃત્તિમાં સંગીન ફાળો આપે છે એ ૮૫ વર્ષના બાળકને એમની ૨૨ મીની (આગલા દિવસે) જન્મતારીખ માટે પૂ. માએ જાહેરમાં વધાવી એમની અનન્ય નિષ્ઠા અને કર્તવ્ય-પ્રીતિને વધાવ્યાં.

આમ સતત છએક કલાક ચાલેલા સેવાયજ્ઞનું એ મંગલ દૃશ્ય ખરેખર અદ્ભુત હતું. દરિદ્રનારાયણ સાથેનો સર્વનો પ્રેમભર્યો વ્યવહાર જોઇ કોઇને પણ પ્રસન્નતા થાય એવો એ મંગલ અવસર હતો. ગરીબો દવા લઇને જાય અને દુઆ આપતા જાય, એમાંથી એક અસાધારણ સૂક્ષ્મ હૃદયનાતો માણસ—માણસ વચ્ચેનો સિદ્ધ થાય એ પૃથ્વીપરનું વિરલ દૃશ્ય છે.

નિદાનયજ્ઞમાં શારીરિક, માનસિક રોગોના ઉપચારની દિશા અને દવા દર્દીને તો મળે જ છે. પણ કેવળ સેવાભાવથી થતાં સત્કાર્યથી અહંકાર—દ્રવ્યલોભ—કીર્તિલોભ પણ ઓગળે છે, એ એનો મોટો લાભ છે. સાથે જ કેવળ પરમાર્થકાજ જ જેણે ભેખ ધારણ કર્યો છે એવા સંત પરમ કૃપાળુ 'મા'ની મંગલ યોજનામાં યત્કિંચિત્ પણ સહભાગી હોવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, એનાથી ધન્યતા અનુભવાય છે.



આત્મતત્ત્વની અવગણના કરીને કેવળ શરીર અને મનની સમસ્યાઓમાં અટવાઇ રહેતા, કેવળ 'હું' અને 'મારા'માં જ ખૂંપી રહેતા અને કેવળ પૈસા પાછળ દોડતા, ભૌતિક સુખપ્રાપ્તિ માટે મથતા આપણા જેવા સંસારી જીવો માટે પરમ પૂજ્ય 'મા' જેવા શિવતત્ત્વ જે 'સર્વના કલ્યાણ'નો જીવનમંત્ર લઇ બેઠાં છે. એમની પુણ્ય સંનિધિ પર્વના મંગલ અંશ સમો એ 'નિદાનયજ્ઞ' સાચે જ જાણે આપણી જાતના નિદાન માટે આપણને જાગૃત કરવાનું નિમિત્ત બની જાય તો જ આવા મેડિકલ કેમ્પ સાચા અર્થમાં સફળ અને સાર્થક બને.

'આપણે સંસારમાં રહીએ પણ સંસાર આપણામાં ન રહે' તો ઘણા બધા રોગોથી આપણે મુક્ત રહી શકીએ અને તો જ પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી સાથેના આપણો યોગ, પ્રભુ સાથેનો સુયોગ રચાય. અને આપણે 'મા—પ્રભુ'ને વંદન કરવા અધિકારી બનીએ.

તો આ 'નિદાનયજ્ઞ'ની ફલશ્રુતિ એ જ કે આપણે હરપળ આપણું નિદાન કરતા રહીએ, મુશ્કેલી પડે તો 'મા—પ્રભુ' કન્સલ્ટન્ટ તરીકે હાજર જ છે. એમનામાં શ્રદ્ધા રાખીએ પછી સ્વર્ગારોહણ—ભવરોગહરણકેન્દ્ર બની, પ્રભુ સાથેના અનુ-સંધાનનું કેન્દ્ર બની જશે.

કાર્યક્રમનો મંગલદીપ પ્રગટાવી, ઉદ્ઘાટનની રીબન કાપી, વિશ્રામ ફરમાવનારા આપણા પ્રધાનો સામે પ્રત્યેક જીવના હૃદયમાં સેવાદીપ જલાવવાની પ્રેરણા સ્વયં સેવાપ્રવૃત્તિમાં બધો સમય ખડેપગે રહી અર્પનાર અને પોતે નિર્જળાવ્રત ધારી સર્વ—ડૉક્ટર, દર્દીઓ, સ્વયંસેવકોને ખાણીપીણાની સર્વ વ્યવસ્થાનું

સંચાલન પ્રેમથી કરનાર પરમ પૂજ્ય સર્વેશ્વરી મા જેવા પુનિત સંત મનુષ્યત્વની એવી ઊંચાઇ સિદ્ધ કરી રહે છે કે એમની કરુણાગંગામાં જે જીવ અવગાહન કરે છે એ ધન્ય બને છે. શ્રી યોગેશ્વરજીના સૂરમાં આપણને સૂર મેળવવાનું મન થાય કે, ‘આ જન્મમાં એ જે કાંઇ છે ને જે કંઇ કરી રહ્યાં છે તેનો વિચાર કરીને પણ એમના પ્રત્યે આદરભાવ થાય છે. મસ્તક એમના ચરણમાં નમી પડે છે.’

## ❈ સુધારો ❈

સુરત ખાતેના તા. ૨૧—૧૨—૦૩ ના ‘યોગ–જ્યોત ગૌરવ’ પારિતોષિક કાર્યક્રમ પછી બહારગામથી આવનાર સાધકો માટે જમવા અને ઉતારાની વ્યવસ્થા જ્યાં કરવામાં આવી છે તે સ્થળનું ખરું નામ છે :–

**શ્રી સુરત સોરઠિયા**

રામી માલી પંચની વાડી, મઝુરા ગેટ,
બાળકોની હોસ્પીટલ સામે, સુરત.

સાધકોએ એની નોંધ લેવા વિનંતિ

— તંત્રી



# સુભાષિતો

**मूकः परोपवादे परदारनिरीक्षणेऽप्यन्धः।**
**पङ्गुः परधनहरणे स जयति लोकत्रये पुरुषः॥**

પારકાની નિંદા કરવામાં જે મૂંગો છે, પારકાની સ્ત્રીને જોવામાં જે આંધળો છે અને પારકાનું ધન હરવામાં જે પાંગળો છે, તે સજ્જન ત્રણ લોકમાં વિજય પામે છે.

**यः प्रीणयेत्सुचरितैः पितरं स पुत्रो,**
**यद्भर्तुरेव हितमिच्छति तत्कलत्रम्।**
**तन्मित्रमापदि सुखे च समक्रियं यत्,**
**एतत् त्रयं जगति पुण्यकृतो लभन्ते॥**

પોતાનાં સારાં આચરણોથી પિતાને પ્રસન્ન કરે તે પુત્ર, પોતાના સ્વામીનું હિત જ ઇચ્છે તે સ્ત્રી અને સુખકાળે અને દુઃખકાળે સમાન રીતે વર્તે તે મિત્ર—આવાં સ્ત્રી, પુત્ર અને મિત્ર તો આ સંસારમાં પુણ્યશાળીઓને જ મળે છે.

**उपकारोऽपि नीचानामपकारो हि जायते।**
**पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम्॥**

નીચજનોનો ઉપકાર કરો, તોપણ તે અપકાર જ બની જાય છે, સર્પોને દૂધનું પાન કરાવો, પણ તેથી તેનું ઝેર જ વધે છે.

**दुर्जनस्य विशिष्टत्वं परोपद्रवकारणम्।**
**व्याघ्रस्य चोपवासेन पारणं पशुमारणम्॥**

દુર્જન કોઇ ખાસ કામ કરે, ત્યારે પણ જાણવું કે તેમાં બીજાને ઉપદ્રવ થાય એવું હશે. જેમ કે વાઘ કદાચ ઉપવાસ કરે, તો તેનું પારણું પશુને મારવાથી જ થાય છે.

**सर्पदुर्जनयोर्मध्ये वरं सर्पो न दुर्जनः।**
**सर्पो दशति कालेन दुर्जनस्तु पदे पदे॥**

સર્પ અને દુર્જન બંનેમાં સર્પ સારો, દુર્જન નહીં; કારણ કે સર્પ કોઈક કાળે જ ડસે છે; પરંતુ દુર્જન તો પગલે પગલે ડસે છે.

**दुर्जनेन समं सख्यं वैरं चापि न कारयेत्।**
**उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करम्॥**

દુર્જનની સાથે મિત્રતા કરવી નહિ તેમ વેર પણ રાખવું નહિ. અંગારો જ્યારે ગરમ હોય છે ત્યારે બાળે છે અને ઠંડો પડે છે ત્યારે હાથ કાળા કરે છે.

**दातव्यमिति यद् दानं दीयतेऽनुपकारिणे।**
**देशे काले च पात्रे च तद् दानं सात्त्विकं विदुः॥**

દાન આપવું એ ફરજ છે. એવી બુદ્ધિથી, બદલાની આશાવિના યોગ્ય સ્થળે, યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને જે અપાય છે, તેને સાત્ત્વિક દાન કહે છે.

**बोधयन्ति न याचन्ते भिक्षाद्वारा गृहे गृहे।**
**दीयतां दीयताम नित्यमदातुः फलमीदृशम्॥**

ઘેર ઘેર ફરીને ભિક્ષા માગનારા યાચકો ખરી રીતે ભિક્ષા માગતા નથી, પણ ભિક્ષા માગવા દ્વારા બધાને ઉપદેશ આપે છે કે, તમે આપો, આપો; કારણ કે નહિ આપનારને અમારા જેવું (ભીખ માગવાનું) ફળ ભોગવવું પડશે.

('સુભાષિત રત્નભંડાર'માંથી ક્રમશઃ)

○



# દીવાળીની ઉજવણી

ડો. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણમાં દીવાળીની ઉજવણી એક અનેરી રીતે જ પૂ. માની ઉપસ્થિતિમાં થઈ. શ્રી સિદ્ધાર્થભાઈ અને શ્રી વિનોદિની બહેન અમદાવાદથી સુશોભન માટેની સામગ્રી લાવે છે. બહેનો વિવિધ પ્રકારની રંગોળીઓ દોરે છે, રંગપૂરણી કરે છે, નાના બાળકો અને મોટેરાંઓ સહિત સૌ રંગપૂરણીમાં મશગુલ બને છે. કીર્તિબેન કલોલા શ્રીનાથજીપ્રભુની રંગોળી ખૂબ સરસ રીતે દોરે છે. નાનાં નાનાં બાળકો તો ધજાપતાકા લગાવવામાં ખૂબ મશગુલ બની જાય છે. ધજાપતાકાની વચ્ચે ફુગ્ગાઓ પણ લટકાવવામાં આવે છે. બાળકોને ફુગ્ગાઓ મશીનથી ફુલાવવામાં આનંદ પડે છે. દરેક રંગોળી પર દીપક-ના કોડિયાં મૂકવામાં આવે છે. યોગધામ, યોગતીર્થ, પૂ. માના ખંડની ઉપર, કુટિયાની ફરતે, અગાશીની પારાપીટ પર રાત્રે ૮૦૦ જેટલા દીપક પ્રજ્વલિત કરવામાં આવે છે.

દરેક સાધકને ૧૦ જેટલા દીપક પ્રગટાવવાની તક મળે છે. રાત્રે સૌ પોતાની જગ્યા પર દીપક પાસે ઊભા રહી જાય છે. કોઈ અગાશીમાં તો કોઈ યોગતીર્થની લોબીપર, કોઈ બગીચા-ની ફરતે તો કોઈ વળી પગદંડીપર દીપક પ્રગટાવવા માટે તૈયાર થાય છે. મંત્રગાન શરૂ થાય છે. દરેક એક સાથે ૧૦ જેટલા દીપક પ્રગટાવે છે. થોડી મિનિટોમાં જ આખુંય સ્વર્ગારોહણ તીર્થ દીપકથી ઝળહળી ઊઠે છે. પૂ. શ્રીની આરતી પણ જે સાધક જ્યાં ઊભા છે ત્યાં એક દીપક હાથમાં લઈને કરે છે. દેવી—ક્ષમાપન સ્તોત્ર પણ પોતાના સ્થાનપર સમૂહમાં થાય

છે. પૂ. માની ઉપસ્થિતિ અને દેવીક્ષમાપન સ્તોત્રના ગાનથી ઘટના જીવંત બની જાય છે. ક્ષમા આપનારી દેવીની ઉપસ્થિતિ, બાળકોદ્વારા આ સ્તુતિનું ગાન અને દીવાળીનું પર્વ સૌને ધન્યતાનો અનુભવ કરાવે છે. કોડિયું આત્મજ્યોતનું પ્રતીક છે, ને પ્રકાશ જ્ઞાનનું પ્રતીક છે. પ્રકાશથી અંધકાર દૂર થાય છે અને જ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે. તે રીતે પૂ. મા એમ સૂચવવા માગે છે કે આ કોડિયાને યાદ રાખીને આત્મજ્યોત જગાવતા રહો ને પ્રકાશની જેમ જ્ઞાનની ઉપાસના પણ કરતા રહો જેથી સંસારમાં બાંધનારા અજ્ઞાનથી મુક્તિ પામી શકાય.

બાળકો ફટાકડા સારી રીતે ફોડી શકે તેવી વ્યવસ્થા પૂ. મા કરે છે. શ્રી સિદ્ધાર્થભાઈની આગેવાની હેઠળ નાનાં નાનાં બાળકો મોટા મોટા ફટાકડા ફોડે છે. આકાશમાં ફૂટતા ફટાકડા તારામંડળનું એક બીજું આકાશ સર્જતા હતા. આકાશમાં ફૂટતા ફટાકડાનો વળાંક એવો થતો કે જાણે યોગતીર્થમાં બીરાજમાન પૂ. શ્રીના અનેક સ્વરૂપો પર પ્રકાશપુંજનો અભિષેક ન થતો હોય! પૂ. મા આ ઘટના નિહાળીને ખૂબ પ્રસન્ન થતાં હતાં. પૂ. માનું મુક્ત હાસ્ય નાનાં નાનાં બાળકોને ઉપસ્થિત સૌ કોઈને આનંદના સાગરમાં ડૂબકી મારવાની તક આપતું હતું. ફટાકડો ફૂટે એટલે જોરથી મંત્રગાન થાય. આટલો બધો આનંદ શા માટે થાય છે અને શા માટે સ્વર્ગારોહણમાં દીવાળી ઉજવવા આવવું જોઈએ તેના પર શ્રી વિનોદિની બહેને પ્રસંગોચિત વાતો કરી. પૂ. મા ખૂબ પ્રસન્ન થયા. જ્યાં આનંદનો સાગર જ સ્વયં ઉપસ્થિત હોય ત્યાં દરેક ક્રિયા આનંદનું માધ્યમ બની જાય છે. મોડી રાત્રે મંત્રગાન કરીને સૂઈ ગયા.



# એવું વરસો...

ભીનું છે આભ અને ભીની ધરતી,
ભીનાં આ વેલી ને વૃક્ષો.
હવે મારું હૈયું ભીંજાય એવું વરસો!૦

માણ્યા છે ખૂબ મેં,
તડકા ને છાંયડા,
લૂ ઝરતા વૈશાખી વાયરા.
મારાં તનમન અગન ક્યારે હરશો? હવે૦

માટીની મ્હેંક મીઠી,
માણવાને મન તલસે,
ધરતી પણ મ્હેંકવાને તરસે.
આશ અંતરની પૂર્ણ ક્યારે કરશો? હવે૦

વીજળી બની ઝબૂકો,
આભને ઝરૂખડે,
ગર્જન તવ વાદળ સ્વરૂપે.
શ્યામ! ઉરનો અંધાર ક્યારે હરશો? હવે૦

**'અનઘ'**

◎

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

પ્રકાશપુંજમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા અને એની સાથે એક પ્રકારનું અદ્ભુત ભયંકર અટ્ટહાસ સંભળાયું.

એ પછી પાછા સુસ્પષ્ટ શબ્દો સંભળાયા :

'કંસ મારો નાશ કરી નાંખશે? તું શું બોલી રહી છે તેની તને ખબર નથી લાગતી. પરંતુ તેમાં તારો દોષ પણ નથી દેખાતો કારણ કે તું અજ્ઞાન છે. તને મારા મહિમાની માહિતી નથી. કંસ મારો નાશ નહિ કરે પણ હું એનો નાશ જરૂર કરી નાંખીશ. એટલા માટે જ મારો જન્મ થવાનો છે. એના જેવાં બીજાં કેટલાંય પ્રયોજનોની સિદ્ધિ માટે. મારો નાશ કાળ પણ નથી કરી શકે તેમ. મારા જન્મ પછી શું થાય છે તે જોઇ લેજે. હવે બધી જાતના ભયનો પરિત્યાગ કરીને શાંતિપૂર્વક શ્વાસ લે.'

'આ બધી વાતો ખોટી તો નથી પડવાની?'

'બીજી બધી વાતો ખોટી પડતી હશે પરંતુ આ વાત—મારી કહેલી વાતો ખોટી નહિ પડે.'

'તમારો પરિચય?'

'પાછો એ જ પ્રશ્ન? હું પરમપ્રકાશ છું એટલો પરિચય જ પૂરતો નથી લાગતો? મારું અસ્તિત્વ સર્જનની શરૂઆતમાં હતું, આજે છે, ને સૃષ્ટિના વિલય પછી ભવિષ્યમાં પણ એવું જ રહેશે. હું શાશ્વત, પરમપુરાણ, અજ અને અવિનાશી છું. મારા મહિમાને જાણવા, રહસ્ય-ને હસ્તગત કરવા, તેમ જ મારો સાક્ષાત્કાર કરવા યોગીઓ એકાંતના અનુરાગી બનીને ધ્યાન



કરે છે ને મુનિઓ મહેનત. ભક્તો પ્રેમના પરમ પારાવારમાં ડૂબકી મારે છે ને જ્ઞાનીઓ જ્ઞાનના પાવન પ્રકાશ-મય પથપર પગલાં ભરે છે. મારો પરિચય પામવા પુરુષાર્થીઓ પરિ-શ્રમ કરે છે તોપણ મારો પૂરેપૂરો પરિચય કોણ પામી શક્યું છે?'

અને એ અદ્ભુત પ્રકાશપુંજ અદૃશ્ય થઇ ગયો.

દેવકીએ જાગ્યા પછી વસુદેવને એ આશ્ચર્યકારક સુંદર સ્વપ્નની વાત કરી.

વસુદેવ એથી આનંદ પામ્યા ને બોલ્યા :

'ઘટનાઓ બધી એમ જ સૂચવે છે કે આપણું મંગલ જ થશે. દુઃખના દિવસો હવે વધારે નથી રહ્યા.'

દેવકીએ આંખ મીંચી. એ દૂર સુદૂરના સોનેરી સુખસ્વપ્નમાં ખોવાઇ ગઇ.

એ દિવસથી એ આનંદમાં રહેવા લાગી. એનો બધો જ વિષાદ ને ભય દૂર થયો. કોઇ કોઈવાર એને સ્ત્રીસહજ ચિંતા સતાવી જતી ખરી, પરંતુ થોડા જ સમયમાં પાછી એ શાંત થતી.

એની શ્રદ્ધાભક્તિ વધી ગઇ અથવા બળવત્તર બની.

• • •

કંસની મનોદશા એ વખતે કેવી વિચિત્ર હતી?

એને પેલી અમંગલ આકાશવાણી અવારનવાર યાદ આવતી : દેવર્ષિ નારદનાં વચન પણ યાદ આવતાં : પરંતુ એ માનતો કે એ વચન સાચાં નહિ ઠરે અને આકાશવાણી પણ નિષ્ફળ જશે. દેવકીના આઠમા બાળકનો પોતે જોતજોતામાં નાશ કરી નાખશે એટલે ભય જેવું કશું જ નહિ રહે.

આકાશવાણીને યાદ કરીને એ કદી કદી હસતો પણ ખરો ને બબડતો કે આકાશવાણી કોઇક નવરા માણસે કે દેવે કરી લાગે છે! એને મારી સમુન્નતિ, સમૃદ્ધિ અને કીર્તિ પસંદ નહિ પડતી હોય એટલે જ એવી અમંગળ વાણી બોલી બતાવી હશે. એ દ્વારા એ મને ડરાવવા માગતો હશે, પરંતુ એને શી ખબર કે હું કોઇ રીતે નથી ડરું તેમ! એને મારા પ્રતાપ કે પરાક્રમની કલ્પના નથી લાગતી.

એથી ઊલટું, કોઇ વાર એનું મગજ જુદા વિચારે ચઢી જતું તો એને થોડોક ભય પણ લાગતો.

એને થતું કે આકાશવાણીને મિથ્યા માનીએ તોપણ દેવર્ષિ નારદ જેવા લોકોત્તર મહાપુરુષની વાણી તો મિથ્યા ના જ હોય. એમને એવી મિથ્યા વાણી કહેવાથી શો લાભ? એ કદી અસત્ય ભાષણ કરે એવું તો માની કે કલ્પી જ ના શકાય.

તો પછી? પોતાનું મૃત્યુ શું એમના સૂચવ્યા પ્રમાણે જ થવાનું છે?

એનો વિચાર કરતાં થોડીક ચિંતા તો થાય છે...તોપણ ચિંતા કરવાથી શું વળવાનું છે? જે પરિસ્થિતિ પેદા થશે તેમાંથી રસ્તો કરી લેવાશે. એટલી ચતુરતા તથા શક્તિ તો મારામાં છે જ.

એવી રીતે બંને જાતના જુદા જુદા ભાવપ્રવાહોની અસર નીચે આવીને એનું મન પરસ્પર વિરોધી રંગોને ધારણ કરતું રહેતું.

**અદ્‌ભુત બાળક**

દેવકી આઠમા બાળકની માતા બનવાની છે એવી માહિતી મેળવીને કંસ આકાશવાણીનું સ્મરણ કરીને વધારે સાવધ થયો.

કારાવાસમાં જઇને એણે ભીમકાય મહાબળવાન રાક્ષસોનો



કડક પહેરો ગોઠવી દીધો ને બાળકનો જન્મ થતાંવેંત જ પોતાને ખબર આપવાની સૂચના કરી.

વસુદેવ તથા દેવકીની પાસે પહોંચીને એણે જણાવ્યું :

'અત્યાર સુધી તમારાં બધાં બાળકો તમે મને આપી દીધાં છે તેવી રીતે, તમારું આઠમું સંતાન પણ જન્મે કે તરત જ મને સુપ્રત કરજો.'

વસુદેવે કહ્યું :

'મારા વચનમાં વિશ્વાસ રાખજો. એ વચનનો ભંગ કદાપિ નહિ થવા દઉં. જે બાળક પ્રકટ થશે તેને તમારા ચરણમાં સુપ્રત કરીશ.'

'એ બાળક જ મારો સાચો શત્રુ છે.'

'પરંતુ તેં તો અમારાં સઘળાં સંતાનોને શત્રુ માનીને મારી નાખ્યાં છે. એમનો નાશ કરતાં તારું કુલીશ કરતાં પણ કઠોર કાળજું જરા પણ નથી કંપ્યું. તને જરા પણ દુઃખ નથી થયું.'

'દુઃખ શા માટે થાય ને કાળજું શા માટે કંપે? મારા સ્વાર્થની સિદ્ધિ માટે હું ગમે તેવું કર્મ કરી શકું તેમ છું. હું એવો શૂરવીર છું.' દેવકીના શબ્દો સાંભળીને કંસ ઉશ્કેરાટમાં બોલી ઊઠ્યો.

(ક્રમશઃ)